પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૮/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ શ્રાવણ વદ-૨ વર્ષ : ૧૫ અંક : ૨૧૩

સુવિચાર
સેવા અને દાન
બન્ને જગતને
ઉજ્જવળતા બક્ષનારી
મહાશક્તિઓ છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ફ્રી ઓપરેશન શ્રેષ્ઠ સારવાર આધુનિક સુવિધા
ફ્રી ઓપરેશન
અકસ્માત ઈજા-ફેક્ચર
સિઝેરીયન પ્રસુતિ
સારણગાંઠ
વધરાવળ
પથરી-પ્રોસ્ટેટ-કિડનીના રોગો
રસોળી-ચરબીની ગાંઠ
ઘુંટણની ગાદી-તાણીયાની ઈજા
એપેન્ડીક્ષ
પિતાશયની પથરી
હરસ-મસા-ફિશર
સ્ત્રીઓમાં છાતીમાં ગાંઠ
ફ્રી ડાયાલીસીસ સારવાર
દૂરબીનથી ઓપરેશન
(લેપ્રોસ્કોપિક એન્ડ એન્ડોસ્કોપિક સર્જરી) ફ્રી
- પથરી,
- પ્રોસ્ટેટ,
- કિડનીના રોગો તથા એપેન્ડીક્ષ,
- પિતાશય વગેરેનાં લેપ્રોસ્કોપિક
- તથા એન્ડોસ્કોપિક પદ્ધતિ દ્વારા ઓપરેશન
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## ૩ મી.મી.થી લઈને ૪૨મી.મી. સુધીનો વરસાદ નોંધાયો

# અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારમાં મેઘાની દે ધનાધન

છેલ્લા ૩ દિવસનાં અસહ્ય બફારા અને ગરમી બાદ બપોર બાદ મેઘાવી માહોલ છવાયો

જરૂરિયાતનાં સમયે જ મેઘાની એન્ટ્રીથી મુરઝાતી મૌલાતને જબ્બરો ફાયદો

અમરેલી, લીલીયા, સાવરકુંડલા, જાફરાબાદ, રાજુલા, ધારી અને ખાંભા પંથકમાં ઠંડક પ્રસરી

લીલીયામાં પોણા બે ઈંચ, અમરેલીમાં પોણો ઈંચ, લાઠીમાં અર્ધો ઈંચ, રાજુલામાં પોણો ઈંચ તો ખાંભા પંથકમાં સામાન્ય વરસાદ



અમરેલી, તા.૨૦
અમરેલી જિલ્લામાં લાંબા વિરામ બાદ આજે મંગળવારે રાજુલા, ખાંભા, ધારી, લીલીયા, સાવરકુંડલા, જાફરાબાદ, અમરેલી, લાઠી સહિત તાલુકામાં ગાજ વીજ સાથે ધોધમાર વરસાદ પડતાં અનેક વિસ્તારો પાણી પાણી થઈ ગયા હતાં. અમરેલી શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં વિઠ્ઠલપુર, ખંભાળીયા, મોટા ગોખરવાળા, દેવભૂમિ દેવળીયા, લાપાળીયા ધોધમાર વરસાદ પડયો હતો જયારે ગાધકડા ગામે આવેલી ફૂલજર નદીમાં આવ્યું ઘોડાપુર આવ્યા હતાં. જયારે અમરેલી શહેરના અમરેલીના રાજકમલ ચોક, ભીડભંજન ચોક સહિતના વિસ્તારો પાણીમાં તરબતર થઈ ગયા હતાં.

ખાંભા ગીરના ગ્રામ્યના ગામડાઓમાં પણ અસહ્ય બફારા અને ગરમી વચ્ચે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડયો હતો જેમાં ખાંભાના રબારીકા આંબલીયાળા, સાળવા, પીપરીયામાં ધોધમાર વરસાદ પડતાં આંબલીયાળા અને રબારીકા ગામની સૂકવો નદીમાં પુર આવ્યું હતું. લાંબા વિરામ બાદ વરસાદ થતાં ખેતીમાં કપાસ અને મગફળીના પાકને જીવનદાન મળ્યું હતું.

અમરેલી જિલ્લાના લીલીયા તથા તાલુકાના ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદ પડયો હતો. ઉપરાંત લીલીયા તાલુકાના ભેંસાણ, હાથીગઢ, હરીપર, અંટાળીયા, ખારા સહિતના ગામમો પણ વરસાદ પડતાં વરસાદની રાહ જોતા ખેડૂતોમા રાહતની લાગણી જોવા મળી

અનુસંધાન પાના ૬ ઉપર

### પાણીની મોટર શરૂ કરવા જતાં

## અમરેલીનાં બહારપરામાં રહેતી તરૂણીનું ઈલેક્ટ્રીક શોર્ટ લાગવાથી મોત થતાં અરેરાટી

અમરેલી, તા.૨૦, અમરેલીના ભાડાનાં મકાનમાં રહેતા દર્શનાબેન વિપુલભાઈ ધરણીયા નામની ૧૪ વર્ષિય તરૂણી તા.૧૯ નાં સવારમાં આશરે આઠેક વાગ્યાના વખતે પાણી આવતા પાણી ભરવા માટે ઈલેક્ટ્રિક પાણીની મોટર ચાલુ કરી તેમાં પાઈપ ફિટ કરતી હોય તે વખતે ઈલેકિટ્રક શોક લાગતા તેણીને ગંભીર ઈજા થતા મોત નિપજયુ હતુ.

Sheetal
પવિત્ર શ્રાવણ માસને મધુર બનાવો
શીતલ શ્રીખંડ સાથે
ઈલાયચી • મિક્સ ફ્રુટ • રાજભોગ • મેંગો ફ્લેવરમાં ઉપલબ્ધ...
73000 51000

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,990/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૦/૦૮/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

પવિત્ર શ્રાવણ માસ નિમીતે અમરેલીના માનવંતા ગ્રાહકો માટે
મેગા એક્ષચેન્જ ઓફર
તારીખ 6-8-2024 થી 2-9-2024 સુધી...
કોઈપણ કંપનીનું જુનું ફ્રીઝ, વોશીંગ મશીન તથા ઘરઘંટી એક્ષચેન્જ કરાવી
₹3000 સુધી ફાયદો મેળવો
₹ 10,000 ની ખરીદી પર સોનાની ફ્રી ગીફ્ટ
SAMSUNG LG BOSCH BPL IFB MITSUBISHI ELECTRIC NATRAJ Kelvinator
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટ યાર્ડ રોડ, અમરેલી.

હવે.. બદલાશે સારવારની પરીભાષા
અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ
સાંધા બદલવાના ઓપરેશન તદન મફત કરી આપવામાં આવે છે
ડૉ. અંકિત ગાબાણી
(M.B.B.S., D.ORTHO)
તમામ પ્રકારના ફેકચર, સ્નાયુ,હાડકા,સાંધા,મણકાના દુઃખાવા, ગોઠણ બદલવાના ઓપરેશન(TKR) થાપાનો ગોળો બદલવાના ઓપરેશન(THR) તાણીયાંના ઓપરેશન (આર્થોસ્કોપી)
ડૉ. નીત ચોટાઈ
MBBS, M.S., DrNB (Urology)
કિડનીના રોગો, પથરીના ઓપરેશન, પ્રોસ્ટેટના ઓપરેશન અને સારવાર સુન્નતના ઓપરેશન, પુરૂષોમાં વંધ્યત્વ અને સેકસ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ
લેબોરેટરી, ડીજીટલ એક્સ-રે, મેડિકલ સુવિધા રાહતદરે ઉપલબ્ધ.
આયુષ્માન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ.
વાહન અકસ્માતમાં મફત સારવાર અને ઓપરેશન (પ્રથમ ૪૮ કલાકમાં)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
NETRA CHIKITSA TRUST

# બાબાપુર : પોસ્ટ બેઝિક સ્કુલ અને મહિલા અધ્યાપન મંદિર દ્વારા રક્ષાબંધનની ઉજવણી






તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

અમરેલી નજીક આવેલ બાબાપુર ગામે પોસ્ટ બેઝિક હાઈસ્કુલ અને મહિલા અધ્યાપન મંદિરના સંયુકત ઉપક્રમે "પરમ સમીપે" પ્રાર્થના મંદિરમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ડો. વસંતભાઈ પરિખ, કાલિન્દીબેન પરિખ, મંદાકિનીબેન પુરોહિતની પ્રેરક ઉપસ્થિતીમાં સર્વોદય સરગમ ગ્રુપ દ્વારા રક્ષાબંધન ગીતો, વિદ્યાર્થીઓ દ્વારા પ્રાસંગિક વકતવ્ય રજુ કરવામાં આવ્યા હતા. ડો. આંબેડકર યુનિવર્સિટી ભાવનગરનાં વૈભવભાઈ મહેતાએ આંબેડકર યુનિવર્સિટી ડીગ્રીની મહતા અને યુપીએસીની તૈયારી વિશે માહિતી આપી હતી. કાર્યક્રમનાં અંતે હિંમાશુભાઈ જોષીએ સૌનો આભાર માન્યો હતો.

### કળીયુગનાં માહોલમાં મંદિરો પણ સલામત નથી

## મોટી કુંકાવાવનાં મોદી પ્લોટમાં આવેલ મંદિરમાં તસ્કરનાં પરોણા

### રૂપિયા ૨૩ હજારના મુદ્દામાલની ઉઠાંતરી

અમરેલી, તા. ૨૦

મોટીકુંકાવાવ ગામે આવેલ મોદીપ્લોટમાં આવેલ મંદિરમાં તા. ૧૬ ના સાંજના સવા સાતેક વાગ્યાથી તા. ૧૭ ના સવારના સવા પાંચેક વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમ મંદિરના ગ્રીલ દરવાજાના નકુચા તોડી મંદિરમાં રાખેલ ચાંદીનું છત્તર તથા પંચધાતુના શેષનાગ તથા દાનપેટીની રકમ મળી કુલ રૂપિયા ૨૩,૭૦૦ ની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### તસ્કરો જે હાથમાં આવ્યું તેની કરે ઉઠાંતરી

## કોટડાપીઠા ગામની જુદી–જુદી વાડીમાંથી પાણીની મોટર અને કેબલની ઉઠાંતરી

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૨૦

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે રહેતા અનિભાઈ પરશોત્તમભાઈ ચોવટીયા નામનાં ૪૦ વર્ષિય ખેડૂત તથા અન્ય ખેડૂતની કોટડાપીઠા ગામથી વાવડા ગામ તરફ જવાના રસ્તે વાડી આવેલ હોય. ગત તા. ૧૩ ના સાંજે ૭ થી તા. ૧૪ ના સવારના ૮ વાગ્યા સુધીમાં કોઈપણ સમય દરમ્યાન કોઈ અજાણ્યા ઈસમો ખેડૂતની વાડીના કુવામાંથી સબમર્શીબલ મોટર સાડા સાત હોર્સ પાવરની આશરે કિંમત રૂપિયા ૨૦,૦૦૦ તથા આશરે ૧૦૦ ફુટ જેટલો થ્રી ફેઈઝ કેબલ કિંમત રૂપિયા ૩૦૦૦ તથા બેચરભાઈ ઝાલાવાડીયાની વાડીના દારમાંથી આશરે ૬૦૦ ફુટ જેટલો કેબલ, મોટર રૂપિયા ૨૫,૦૦૦ તથા નિલેશભાઈ સાવલીયાની વાડીમાંથી દેડકો મોટર તથા ૭૦ ફૂટ કેબલ કિંમત રૂપિયા ૫૦૦૦ તથા નવીનભાઈ ઝાલાવાડીયાની વાડીના દારમાંથી આશરે ૩૦૦ ફુટ કેબલ કિંમત રૂપિયા ૬૦૦૦ તથા જેઠાભાઈ ચોવટીયાની વાડીના કુવામાંથી સબમર્શીબલ મોટર તથા કેબલ આશરે ૧૦૦ ફુટ રૂપિયા ૧૦,૦૦૦ તેમજ જેઠાભાઈએ ફાર્મે રાખેલ વાડીના કુવામાંથી દેડકો મોટર તથા કેબલ આશરે ૧૦૦ ફુટ જેની કિંમત રૂપિયા ૧૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૭૯,૦૦૦ ના મુદામાલની કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### બેકારીનાં માહોલ વચ્ચેની ઘટના

## રાજુલાનાં મોટા આગરીયામાં રૂપિયા ૫૦૦ ઉછીના ન આપનાર પર હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨૦

રાજુલા તાલુકાના મોટા આગરીયા ગામે રહેતા રેખાબેન પોપટભાઈ સોલંકી નામની મહિલાના દિકરા દિનેશભાઈ ખેતીકામ માટે સનેડો વાહન લેવા માટે તા. ૧૯ ના રોજ બપોરના એકાદ વાગ્યે વાડીએ ગયેલ હતાં. તે દરમ્યાન રસ્તામાં તે જ ગામે રહેતા આરોપી રજનીભાઈ જાદવભાઈ સાંખટે દિનેશભાઈ પાસે હાથ ઉછીના રૂપિયા ૫૦૦ માંગતા રૂપિયા ૫૦૦ આપવાની ના પાડતા આરોપી મહિલાના ઘરે બપોરના દોઢેક વાગ્યે મોટર સાયકલ લઈ આવી ઘરમાં પ્રવેશ કરી દિનેશભાઈને લોખંડના પાઈપનો એક ઘા માથામાં મારતા તે નીચે પડી જતા લોખંડના પાઈપના વધુ બે ઘા છાતી ઉપર તેમજ માથાના ભાગે મારી માથામાં ગંભીર ઈજા પહોંચાડી તેમજ છાતીના ભાગે મુંઢ ઈજા પહોંચાડી અને મહિલાને લોખંડના પાઈપ વડે જમણા હાથના કાંડાના ભાગે એક ઘા મારી તથા કપાળ ના ભાગે લોખંડના પાઈપના બે ઘા મારી બે ટાંકાની ઈજાઓ કરી મહિલા તથા તેમના દિકરાને જેમફાવે તેમ ગાળો આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### ધારીનાં સ્પેશ્યલ પોકસો જજ અને ૩જા એડી. સેશન્સ જજનો હુકમ

## ખાંભાનાં એક ગ્રામ્ય વિસ્તારની સગીરા ઉપર બળાત્કાર કરનાર આરોપીને ૨૫ વર્ષની સજા

### ફરિયાદી વતી સરકાર પક્ષે એડવોકેટ વિકાસ વડેરાની દલીલો સફળ



એડવોકેટ : વિકાસ વડેરા

ધારી, તા. ૨૦

ખાંભાનાં એક ગ્રામ્ય વિસ્તારમાં રહેતી સગીરાને લલચાવી–ફોસલાવી બદકામ કરવાનાં ઈરાદે ભગાડી જઈ બળાત્કાર કરનાર નજીકનાં વિસ્તારનાં એક યુવાનને ધારીનાં સ્પેશ્યલ પોકસો જજ અને ૩જા એડી. સેશન્સ જજે ૨૫ વર્ષની સજા અને રૂપિયા ૫ લાખનું વળતર ચુકવવાનો આદેશ કરેલ છે.

ખાંભાનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક સગીરાનું અપહરણ અને બળાત્કાર કરનાર આરોપી કૌશિકભાઈ પ્રેમાભાઈ દાફડા (ઉ.વ. ૨૫) વિરૂધ્ધ ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલ.

જે અંગે કેસ ચાલી જતાં આરોપીને આઈપીસીની પોકસો સહિતની જુદી–જુદી કલમો અંતર્ગત ૨૫ વર્ષની સજા અને ભોગ બનનારને રૂપિયા પાંચ લાખનું વળતર ચુકવવાનો આદેશ કરવામાં આવેલ છે.

ફરિયાદી વતી સરકાર પક્ષે એડવોકેટ વિકાસ વડેરાની દલીલો સફળ રહી હતી.

## માંડરડી ગામે જુગાર રમતા ૬ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૨૦


રાજુલા તાલુકાના જુની માંડરડી ગામે રહેતા જગદીશભાઈ કરશનભાઈ પરમાર, નરેશભાઈ અરજણભાઈ ગોહીલ, ગુણવંતભાઈ નાગજીભાઈ ગોહીલ, રણજીતભાઈ રવજીભાઈ ગોહીલ, હરેશભાઈ હકાભાઈ ચૌહાણ, હરેશભાઈ કાળભાઈ પરમાર તથા વિપુલભાઈ રવજીભાઈ પરમાર સહિત સાતેય ઈસમો તા. ૧૯ ના રાત્રીના ૧૦:૪૫ વાગ્યે માંડરડી ગામમાં ધાતરવડી રોડ તરફ હેઠલી બજારે ખુલ્લી જગ્યામાં જાહેરમાં પૈસા વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા હોવાની બાતમી અમરેલી એલ.સી.બી.ને મળતાં દરોડા પાડી રોકડ રકમ રૂપિયા ૧૪,૨૦૦ ના મુદામાલ તથા જુગાર લગત મુદામાલ સાથે તમામને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## ખાંભા : તા. ૨૮ ઓગષ્ટે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

ખાંભા, તા. ૨૦

ઓગષ્ટ–૨૦૨૪નો ખાંભા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા. ૨૧ ઓગસ્ટ, ૨૦૨૪ને બદલે હવે તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૪ બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે ખાંભા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના પ્રશ્નો અને ફરિયાદો મોડામાં મોડા તા. ૨૩ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ બપોરે ૩ વાગ્યા સુધીમાં, ખાંભા તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા ટપાલ મારફતે મળી જાય તે રીતે પહોંચતા કરવા. અરજીના મથાળે "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" અવશ્ય લખવું, તેમ ખાંભા તાલુકા મામલતદારએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## શ્રી સોમનાથ મહાદેવને દ્વાદશ જયોતિર્લિંગ શૃંગાર



શ્રાવણ કૃષ્ણ એકમ પર સોમનાથ મંદિરના ગર્ભગૃહમાં દ્વાદશ જયોતિર્લિંગ શૃંગાર કરવામાં આવ્યો હતો. જેમાં ભકતો શ્રી સોમનાથ મહાદેવ સહિત તમામ દ્વાદશ જયોતિર્લિંગના એક સાથે દર્શન કરી ધન્ય થયા હતા. ભકતોને દેશભરમાં પ્રવાસ વગર બધા જયોતિર્લિંગના દર્શન કરવાનો અવસર મળ્યો હતો. અંદાજિત ૧૨,૫૦૦ થી વધુ કિલોમીટરના પ્રવાસ બાદ થનાર દ્વાદશ જયોતિર્લિંગના દર્શન એકીસાથે સોમનાથમાં થતાં ભાવિકો ભાવવિભોર થયા હતા. સનાતન સંસ્કૃતિમાં કહેવાયું છે કે દ્વાદશ જયોતિર્લિંગના દર્શન કરનાર ભકતને મોક્ષ પ્રાપ્ત થાય છે. ત્યારે સોમનાથ મહાદેવને દ્વાદશ જયોતિર્લિંગ શણગાર કરીને શિવજી પાસે સમગ્ર વિના કલ્યાણની કામના કરવામાં આવી હતી.

### રાત્રિનાં સમયે પાણી પીવા જતાં હોય

## અમરેલીની બ્રાહ્મણ સોસાયટીમાં રહેતાં ૬૫ વર્ષિય વિપ્ર વૃધ્ધાનું પડી જવાથી મોત

### સ્થાનિક પોલીસમાં સત્તાવાર જાહેરાત કરાઈ

અમરેલી, તા. ૨૦

અમરેલીના બ્રાહ્મણ સોસાયટી સ્વામીનારાયણ નગર–૧ માં રહેતા ત્રિવેણીબેન દયાશંકરભાઈ ભટ્ટ નામનાં ૬૫ વર્ષિય વૃધ્ધા તા. ૧૯ ની રાત્રીના ૧૨ વાગ્યાથી સવારના ૩:૧૫ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે રાત્રીના પેશાબ–પાણી કરવા ઉઠેલ હોય અને રાત્રીના હોલમાં પડી જવાથી માથામાં ગંભીર ઈજા થવાથી મરણ ગયાનું હર્ષદભાઈ અશોકભાઈ ભટ્ટે પોલીસમાં જાહેર કરેલ છે.

# અમરેલીમાં નિર્માણ થનાર BAPS સ્વામીનારાયણ મંદિરની પ્રથમ શિલાનું સ્થાપન થયુ






પરમ પૂજય પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે અને પરમ પૂજય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી અમરેલી ખાતે શિખરબધ્ધ નૂતન બી. એ. પી. એસ. સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ થઈ રહેલ છે. રક્ષાબંધનના પાવનપ્રસંગે આ મંદિરની પ્રથમ શિલાનું સ્થાપન ગઢડા મંદિરના કોઠારી સંત પૂ. અધ્યાત્મ સ્વરૂપ સ્વામીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. આ શિલાસ્થાપન વિધીમાં ઠાકોરજીની વેદોક્ત મહાપૂજાનું આયોજન કરવામાં આવેલ. જેમાં અમરેલી શહેર તથા આજુબાજુના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. પૂ. સંતો દ્વારા વેદોક્ત વિધિથી શીલાનું પૂજન કરી સ્થાપન કરવામાં આવ્યું. મંદિર નિર્માણમાં જોડાનાર તમામ કારીગરોને સન્માન કરવામાં આવ્યું. સાથો સાથ પૂ. સંતો દ્વારા હરિભક્તોને રાખડી બાંધી આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા. તેમજ શાસ્ત્રોકત વિધિ સાથે જનોઈ બદલવાની વિધિ પણ કરવામાં આવી હતી. આ સમગ્ર આયોજન અમરેલી મંદિરના સંત નિર્દેશક પૂ. સાધુચરિત સ્વામીના માર્ગદર્શન નીચે સંપન્ન થયું હતું.

## રાજયમાં છેલ્લા ૩૦ વર્ષથી શાસન ચલાવતી ભાજપ સરકારને લપડાક મારતી હકીકત

# હે રામ : ગાંધીનાં ગુજરાતમાં એક કરોડ નાગરિકો ગરીબ

### ગરીબી નિવારણનાં નામે કરોડો રૂપિયાનો ખર્ચ એળે ગયો હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે

### રાજયમાં અમીર વધુને વધુ અમીર બની રહ્યો છે અને ગરીબોની સ્થિતિ દયાજનક

### ભાજપનાં મોડેલ રાજયમાં ગરીબીનો માહોલ હોય તો અન્ય રાજયોમાં ગંભીર પરિસ્થિતિ જ હશે

### શાસન ચલાવનાર પાસે કરોડો રૂપિયાની સંપત્તિ અને તેને શાસન સોંપનાર નાગરિકો ગરીબ જ રહ્યાં

નવી દિલ્હી, તા. ૨૦

ગરીબો હટાવોનાં નારા ભાષણ પુરતા સિમીત રહ્યા છે. વાસ્તવમાં ગરીબી નાબૂદી કાર્યક્રમ અમલમાં હોવા છતાંય વાઈબ્રન્ટ ગુજરાતમાં ગરીબી દૂર થઈ શકી નથી. એક તરફ વાઈબ્રન્ટ ગુજરાતનો ધ્રુમ પ્રચાર કરીને વાહવાહી મેળવવામાં આવી રહી છે ત્યારે બીજી તરફ કડવી હકીકત એ છે કે, ગુજરાતમાં ગરીબોની સંખ્યા વધીને ૧.૦૨ કરોડ સુધી પહોંચી ચુકી છે. સુખી–સમૃધ્ધ ગુજરાતમાં આજે એવી પરિસ્થિતિ પરિણમી છે કે ગામડાનો માણસ રોજ રૂા. ૨૬ પણ વાપરી શકતો નથી જયારે શહેરી વિસ્તારોનો વ્યકિત રોજના રૂા. ૩૨ ખર્ચવા પણ અસમર્થ છે, ગરીબી આજે સરકાર માટે પણ પડકારરૂપ બની રહી છે કેમ કે ગરીબ પરિવારોને પુરતો આહાર, રહેઠાણ અને વસ્ત્રો પણ પ્રાપ્ય નથી. ગરીબી હટાવોના સુત્રો પોકારી સત્તાપક્ષ અને વિપક્ષ સામસામે આક્ષેપબાજી કરી રહ્યા છે. પણ છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં શાસન કરતી ભારત સરકાર પણ ગરીબી દૂર કરવામાં નિષ્ફળ રહી છે.

સંસદમાં રજૂ કરેલા એર રિપોર્ટમાં તારણો રજૂ કરાયા છે, વિકસીત ગુજરાતમાં આજે ૧૬.૬૩ ટકા લોકો ગરીબી અવસ્થામાં જીવી રહ્યા છે. શહેરો કરતા ગામડાઓમાં લોકો દારૂણ પરિસ્થિતિમાં જીવન ગાળી રહ્યા છે. ગામડામાં ૨૧.૫૪ ટકા એટલે કે ૭૫.૩૫ લાખ ગરીબો છે જયારે શહેરોમાં ગરીબ લોકોનું પ્રમાણ ૧૦.૧૪ ટકા વધ્યું છે. શહેરોમાં ગરીબોની સંખ્યા વધીને ૨૬.૮૮ લાખ સુધી પહોંચી છે. કુલ મળીને સુખી સંપન્ન ગણાતાં ગુજરાતમાં ૧.૦૨ કરોડ લોકો ગરીબ છે.

ગરીબી નાબૂદી માટે કેન્દ્ર અને રાજય સરકાર દર વર્ષે લાખો કરોડો રૂપિયા ગ્રાન્ટ ખર્ચી રહી છે. એટલું જ નહીં, બજેટમાં કરોડો રૂપિયા નાણાંકીય જોગવાઈ કરે છે છતાંય ગુજરાતમાં ગરીબીનું ચિત્ર સુધર્યુ નથી. શહેરોની સરખામણીમાં ગામડાઓમાં ગરીબ પરિવારો વધી રહ્યાં છે. સવાલ છે કે લાખો કરોડોનાં આંધણ પછીય ગુજરાતમાં ગરીબી કેમ દૂર થઈ શકી નથી. ગરીબો સુધી સરકારના લાભો કેમ પહોંચી રહ્યા નથી. જો ખરેખર સરકાર ગરીબી નાબૂદી કાર્યક્રમની અસરકારક અમલ કરી રહી છે તો ગરીબીમાં સુધારો કેમ આવતો નથી. ગરીબી નિવારણ કાર્યક્રમ માત્ર કાગળ પર અમલમાં હોય તેમ પ્રસ્થાપિત થઈ રહ્યું છે. ટૂંકમાં વિકસીત ગુજરાત, વાઈબ્રન્ટ ગુજરાત, વિકાસશીલ ગુજરાતની ડીંગો હાંકવામાં આવી રહી છે પણ વાસ્તવિકતા એ છે કે ગુજરાતમાં ચોથા ભાગની વસ્તી ગરીબ છે.

---

#### સમગ્ર પંથકનાં ખેડુતોમાં ખુશીનો માહોલ

## ખાંભા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં લાંબા સમયનાં વિરામબાદ ધોધમાર વરસાદ

### સરાકડીયા, પચપચીયા, રબારીકામાં પણ વરસાદ


તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા


ખાંભા, તા. ૨૦

ખાંભા ગીર પંથકનાં ગ્રામ્ય વિસ્તારો વીજળીના કડાકા સાથે વરસાદ પડયો હતો ભાવડી દિવાનના સરાકડીયા, પચપચીયા, રબારીકા, આંબલીયારા સાળવા, પિપરીયા સહિત ગામોમાં વરસાદ પડયો હતો રબારીકા ગામની સુકો નદીમાં પુર આવતા દ્રશ્ય સર્જાયા હતા.

કયાંક ધીમીધારે તો કયાંક ધોધમાર વરસાદ પડતાં ખેડુતોની ખેત મોલાત ને ફાયદા દાયક કપાસ મગફળી સહિતના પાક સોળે કળાએ ખીલી ઉઠે છે.

---

## સાવરકુંડલાનાં શિવ મંદિરોમાં દર્શનાર્થે ભકતોની ભીડ જામી



સાવરકુંડલા, તા. ૨૦

શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારે સાવરકુંડલા શહેર ખાતે દરેક પ્રમુખ શિવ મંદિરોમાં ભાવિકજનોની દર્શનાર્થે ભીડ જામી હતી. અહી રિદ્ધિ સિદ્ધિનાથ મહાદેવ, હાટકેશ્વર મહાદેવ, આન્દેશ્વ ર મહાદેવ અને જશોનાથ મહાદેવ મંદિર જેવા પ્રમુખ મંદિરો એ વિવિધ પ્રકારનાં દર્શનો ખુલ્લા મુકાયા હતા. જેના દર્શન કરવા માટે ભકતોની ભારે જામી હતી. ત્યારે સાવરકુંડલા શહેરની મધ્યમાં નાવલી નદીના કિનારે બિરાજતા રિધ્ધિ સિધ્ધિનાથ મહાદેવ મંદિરે પુજારી દ્વારા ઉજજૈન સ્થિત મહાકાલ મહાદેવની આબેહૂબ ફલોટસ ઉભો કરાયો હતો. જેના દર્શનાર્થે મોટી સંખ્યામાં શહેરમાંથી ભકતજનો ઉમટી પડયા હતા.

---

#### સ્વ. રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે

## અમરેલીનાં વિવિધ પ્રશ્નોને લઈને કોંગ્રેસ દ્વારા હેલ્પ લાઈન નંબર જાહેર કરાયો

### શહેરીજનોને હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવા જણાવ્યું



અમરેલી, તા. ૨૦

અમરેલી શહેર કાંગ્રેસ સમિતિ દ્વારા ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીજીની જન્મજયંતિ નિમિતે અમરેલી જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે રાજીવ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાજલી અર્પણ કરવામાં આવી. તેમજ સદભાવના દિવસની ઉજવણી કરવામાં આવી. સાથો–સાથ નગરપાલિકા વિસ્તારમાં લોકોની સમસ્યાઓ અને લોકોના પ્રશ્નોને વાચા આપવા મોબાઈલ નંબર : ૯૭૨૬૪૧૪૦૧૪ વોટ્સએપ હેલ્પલાઈન લોન્ચ કરવામાં આવી.

આ પ્રસંગે અમરેલી જીલ્લા કાંગ્રેસના ઉપ પ્રમુખ ટીકૂભાઈ વરૂ, અમરેલી તાલુકા કાંગ્રેસ સમિતિના પ્રમુખ મનીષભાઈ ભંડેરી, અમરેલી શહેર કાંગ્રેસ સમિતિના પ્રમુખ એડવોકેટ સંદીપ પંડયા, અમરેલી જિલ્લા મહામંત્રી જગદીશભાઈ તળાવીયાં જગદીશ પાનસૂરિયા, નારણભાઈ મકવાણા, વસંતભાઈ કાબરીયા અને અમરેલી જિલ્લા કાંગ્રેસ ઓબીસી સેલના પ્રમુખ રમેશભાઈ ગોહિલ, પ્રદેશ કાંગ્રેસ ના ડેલીગેટ મુજફર હુસેન સૈયદ, અમરેલી શહેર કાંગ્રેસ સમિતિના મહામંત્રી એમ.એ. કુરેશી, પ્રહલાદ સોલંકી સહિતના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. તેવી અમરેલી જિલ્લા કાંગ્રેસના કાર્યાલય મંત્રી જમાલ મોગલની એક અખબારી યાદી જણાવે છે.

---

#### જન્માષ્ટમીનાં તહેવારો નિમિત્તે

## અમરેલીનાં માર્કેટયાર્ડમાં ૨૩ થી ૨૮ ઓગષ્ટ સુધી જાહેર રજા રખાશે

### ૨૮ ઓગષ્ટથી નવી જણસીઓને પ્રવેશ અપાશે

અમરેલી, તા. ૨૦

માર્કેટયાર્ડમાં માલ વેચવા આવતા દરેક ખેડૂત ભાઈઓ તથા વેપારી ભાઈઓ તથા કમિશન એજન્ટ ભાઈઓને જણાવવામાં આવે છે કે, જન્માષ્ટમીનાં તહેવારો આવતા હોય ખરીદનાર વેપારીઓ અને કમિશન એજન્ટ ભાઈઓની રજા રાખવા આવેલ માંગણી મુજબ તા. ૨૩/૮/૨૪ને શુક્રવારથી તા. ૨૮/૮/૨૪ ને બુધવાર સુધી માર્કેટયાર્ડનું સઘળુ કામકાજ બંધ રહેશે.

તા. ૨૯/૮/૨૪ને ગુરૂવારથી રાબેતા મુજબ માર્કેટયાર્ડનું કામકાજ શરૂ થશે. જેની વેપારી ભાઈઓ, ખેડૂત ભાઈઓએ ખાસ નોંધ લેવા બજાર સમિતિનાં સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક અખબાર યાદીમાં જણાવેલ છે.

જન્માષ્ટમીની રજાઓ બાદ દરેક જણસીઓની નવી આવક તા. ૨૮/૮/૨૪ને બુધવારે સવારનાં ૯ વાગ્યાથી પ્રવેશ આપવામાં આવશે જેની દરેક સબંધકર્તાઓએ નોંધ લેવી.

---

## લીલીયા પંથકમાં BSNL નેટવર્કમાં ધાંધિયાથી નાગરિકોમાં નારાજગી

લીલીયા મોટા, તા. ૨૦

લીલીયામોટા તેમજ તાલુકામાં સરકારી કચેરીઓમાં BSNL નેટવર્કમાં ધાંધિયાના કારણે કનેકિટવિટી મળતી ન હોવાથી લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે અને ઉલ્લેખનીય છે કે પાછલા કેટલાક સમયથી BSNL નેટવર્કના ધાંધિયા હોવાથી સરકારી કચેરીઓમાં અવારનવાર નેટવર્ક જતું રહેતું હોવાથી કનેકિટવિટી હોતી નથી તેથી આધાર કાર્ડ, આવકના દાખલા, જાતિ પ્રમાણપત્ર સહિતની કામગીરીઓને લઈને લોકોને ભારે મુશ્કેલી પડી રહી હોવાથી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

#### દેશી દારૂ અંગે પોલીસને બાતમી આપી હોવાથી

## લીલીયાનાં નાના કણકોટ ગામે કૌટુંબિક ભાઈએ પાઈપનો ઘા મારતા ફરિયાદ

અમરેલી, તા. ૨૦

લીલીયા તાલુકાના નાના કણકોટ ગામે રહેતા વાડીયાભાઈ કાથડભાઈ ખુમાણ તથા આરોપી રણજીતભાઈ મંગળુભાઈ ખુમાણ બન્ને એકજ ગામના હોય તેમજ બન્ને કૌટુંબીક ભાઈ થતા હોય. વાડીયાભાઈએ અગાઉ આરોપી દેશી દારૂ વહેંચવા અંગેની પોલીસને જાણ કરતા પોલીસે તે સમયે આરોપી રણજીતભાઈની દુકાને દરોડો કરેલ. તે અંગેનું મનદુઃખ રાખી આરોપીએ વાડીયાભાઈને વાડીના કેડે લોખંડના પાઈપ વડે ડાબા હાથે તથા જમણા પગે માર મારી ફેકચર જેવી ઈજા કરી તથા ડાબા પડખે પાઈપનો એક ઘા મારી હાથથી મોઢા ઉપર ઢીકા મારી મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

---


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

શ્રાવણ માસ નિમિત્તે...
ફરાળી વાનગીઓનો રસથાળ
ટોપરાપાક | શીંગપાક | માવાના પેંડા
દર સોમવારે ગરમાગરમ ફરાળી પેટીસ મળશે
ફરાળી ચેવડો
બટેટા વેફર્સ | કેળા વેફર્સ | દુધીનો હલવો
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ | મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫









### Mpox એક વાયરલ ચેપ છે

# કોરોનાની રસી બનાવતી સીરમ ઈન્સ્ટિટ્યુટે Mpoxની રસી બનાવવાની કરી જાહેરાત

## સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા એમપોક્સની રસી પર કામ કરી રહ્યા છે

નવી દિલ્હી,તા.૨૦

વિશ્વના ઘણા દેશોમાં Mpox વાયરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. દરમિયાન, સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાનું કહેવું છે કે તેઓ એમપોક્સની રસી પર કામ કરી રહ્યા છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટના સીઈઓ અદાર પૂનાવાલાએ કહ્યું, 'એમપોક્સ ફાટી નીકળવાના કારણે જાહેર કરાયેલી વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટીને ધ્યાનમાં રાખીને, અમે લાખો લોકોને મદદ કરવા માટે એક રસી વિકસાવવા પર કામ કરી રહ્યા છીએ. આશા છે કે, એક વર્ષની અંદર અમને આનાથી સંબંધિત સારા સમાચાર મળશે. સીરમ ઈન્સ્ટિટ્યૂટે પોતે જ કોરોનાની રસી વિકસાવી હતી.મંકીપોક્સ એ એક વાયરલ રોગ છે જે મંકીપોક્સ વાયરસથી થાય છે, જે ઓર્થોપોક્સ વાયરસ જીનસની એક પ્રજાતિ છે. એમપોક્સ પહેલા મંકીપોક્સ તરીકે ઓળખાતું હતું. ૧૯૫૮માં વાંદરાઓમાં 'પોક્સ-જેસી' રોગ ફાટી નીકળ્યો ત્યારે વૈજ્ઞાનિકો દ્વારા આ વાઈરસને સૌપ્રથમ ઓળખની પૃષ્ઠી કરવામાં આવી હતી.

Mpox એક વાયરલ ચેપ છે જે મુખ્યત્વે ચેપગ્રસ્ત વ્યક્તિ અથવા પ્રાણીના સંપર્ક દ્વારા ફેલાય છે. એમપોક્સ ચેપગ્રસ્ત ત્વચા, મોં અથવા જનનાંગોના સીધા સંપર્ક દ્વારા એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાય છે. મધ્ય અને પશ્ચિમ આફ્રિકામાં મોટાભાગના કેસો એવા લોકોમાં જોવા મળ્યા છે જેઓ ચેપગ્રસ્ત પ્રાણીઓના સંપર્કમાં હતા. નિષ્ણાતો કહે છે કે આ ચેપ કપડા, દૂષિત વસ્તુઓ, ટેટૂની દુકાનો, પાર્લર અથવા અન્ય જાહેર સ્થળોએ ઉપયોગમાં લેવાતી સામાન્ય વસ્તુઓના ઉપયોગથી પણ ફેલાય છે. ચેપગ્રસ્ત પ્રાણીઓના કરડવાથી, ખંજવાળ, ખાવાથી અથવા અન્ય પ્રવૃત્તિઓ દ્વારા પણ વાયરસ પ્રાણીઓમાંથી માણસોમાં ફેલાય છે. એમપોક્સથી સંક્રમિત લોકો ઘણીવાર શરીર પર ફોલ્લીઓ થાય છે જે હાથ, પગ, છાતી, ચહેરા અથવા મોં પર અથવા જનનાંગોની આસપાસ દેખાઈ શકે છે. આ પુસ્ટ્યુલ્સ (મોટા સફેદ કે પીળા પુસ્ટ્યુલ્સ પુસથી ભરેલા હોય છે) અને રૂઝ આવે તે પહેલા સ્કેબ બનાવે છે. તેના અન્ય લક્ષણોમાં તાવ, માથાનો દુખાવો અને સ્નાયુઓમાં દુખાવો પણ સામેલ છે. લસિકા ગાંઠો પણ ફૂલી શકે છે કારણ કે તેઓ વાયરસ સામે લડવાનો પ્રયાસ કરે છે અને ભાગ્યે જ કિસ્સાઓમાં વાયરસ જીવલેણ બની શકે છે. આનાથી સંક્રમિત વ્યક્તિ શરૂઆતના લક્ષણોથી લઈને ફોલ્લીઓ દેખાય અને પછી ઠીક થઈ જાય ત્યાં સુધી ઘણા લોકોને ચેપ લગાવી શકે છે.

સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC) મુજબ, એમપોક્સના લક્ષણો વાયરસના સંપર્કમાં આવ્યાના ૨૧ દિવસની અંદર દેખાવાનું શરૂ થાય છે. એમપોક્સના સંપર્કમાં આવવાથી લઈને લક્ષણો દેખાવા સુધીનો સમય ૩ થી ૧૭ દિવસનો છે. આ સમય દરમિયાન વ્યક્તિમાં કોઈ લક્ષણો દેખાતા નથી. પરંતુ આ સમય પૂરો થયા પછી વાયરસની અસર દેખાવા લાગે છે.

MPOX માટે હજુ સુધી કોઈ ચોક્કસ સારવાર નથી. જો કે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) પીડા અને તાવ જેવા તેના લક્ષણો માટે દવા આપવાની ભલામણ કરે છે. સીડીસી કહે છે કે જો દર્દીની રોગપ્રતિકારક શક્તિ સારી હોય અને તેને ચામડીનો રોગ ન હોય તો તે કોઈપણ સારવાર વિના પણ સાજો થઈ શકે છે. તેને ફક્ત સંભાળની જરૂર પડશે.

### દુનિયાભરમાં મંકીપોક્સ રોગ ફેલાયો

## વિશ્વમાં મંકીપોક્સના કેસ વધતા કેન્દ્ર સરકાર એલર્ટ બની

**નરેન્દ્ર મોદીના વડા સચિવ પીકે મિશ્રાએ રવિવારે મંકીપોક્સ અંગે દેખરેખ અને સાવચેતી રાખવાની તૈયારીઓની સમીક્ષા કરવા ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી**

નવીદિલ્હી,તા.૨૦

વિશ્વભરમાં મંકીપોક્સ ઝડપથી ફેલાઈ રહ્યો છે. જેના અંગે કેન્દ્ર સરકારે પણ એલર્ટ આપ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડા સચિવ પીકે મિશ્રાએ રવિવારે મંકીપોક્સ અંગે દેખરેખ અને સાવચેતી રાખવાની તૈયારીઓની સમીક્ષા કરવા ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. જેમાં કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ સ્થિતિ પર સતત દેખરેખ રાખી રહ્યા છે, જો કે દેશમાં હજી સુધી મંકીપોક્સનો કોઈ કેસ નોંધાયો નથી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આફ્રિકાના ઘણા ક્ષેત્રોમાં મંકીપોક્સના કેસોની વધતી સંખ્યા અને પ્રસરણને જોતાં તેને જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી છે.

બેઠકમાં જણાવ્યું હતું કે, મંકીપોક્સની બીમારી સેલ્ફ લિમિટેડ હોય છે. જે બેથી ચાર સપ્તાહ સુધી રહે છે. જેમાં દર્દી આરોગ્ય સંભાળ અને સારવારથી સાજા થઈ જાય છે. લાંબો સમય મંકીપોક્સના દર્દી સાથે રહેવાથી તેનો ચેપ લાગી શકે છે. ભારત માટે તેના જોખમનું આંકલન કરવા માટે ૧૨ ઓગસ્ટે એનસીડીસીના નિષ્ણાતોએ એક બેઠક યોજી હતી. આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આરોગ્ય ટીમોને તૈનાત કરવામાં આવી છે.પીકે મિશ્રાના નેતૃત્વ હેઠળ આ બીમારીની ગંભીરતાને ધ્યાનમાં રાખતાં અસરકારક પગલાં લેવા નિર્દેશ કરવામાં આવ્યા છે. જેના માટે ટેસ્ટ લેબોરેટીના નેટવર્ક તૈયાર કરવામાં આવ્યા છે. હાલ ૩૨ લેબોરેટી સજ્જ છે. બીમારી અટકાવવા અને સારવાર માટે પ્રોટોકોલ મોટાપાયે પ્રસારિત કરવામાં આવશે. જેથી લોકોમાં આ બીમારી અંગે જાગૃત્તિ ફેલાય અને લક્ષણો દેખાતાં જ સારવાર શરૂ કરવામાં આવે.

WHO ના અહેવાલ અનુસાર, ૨૦૨૨થી વૈશ્વિક સ્તરે ૧૧૬ દેશોમાં મંકીપોક્સના લીધે ૯૯૧૭૬ કેસો નોંધાયા છે, જેમાં ૨૦૮ મોત થઈ હતી. ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં મંકીપોક્સના કેસો ઝડપથી વધી રહ્યા છે. ગતવર્ષે તેમાં અનેકગણો વધારો થયો હતો. જો કે, ગતવર્ષની તુલનાએ આ વર્ષે અત્યારસુધીમાં અહીં મંકીપોક્સના કારણે લગભગ ૧૫૬૦૦થી વધુ કેસ અને ૫૩૭ મોત થઈ ચૂક્યા છે. ડબ્લ્યૂએચઓ દ્વારા જાહેર આરોગ્ય કટોકટીની જાહેરાત થયા બાદ ભારતમાં ૩૦ કેસો નોંધાયા હોવાનો અહેવાલ છે.

સત્તાવાર સુત્રોએ જણાવ્યું છે કે, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે તમામ એરપોર્ટ પર મંકીપોક્સ અંગે એલર્ટ જારી કર્યું છે. જેમાં અમેરિકા, આફ્રિકા, ખાડી દેશો ઉપરાંત પાકિસ્તાન અને બાંગ્લાદેશથી આવતા મુસાફરોમાં આ બીમારીનું ચેકિંગ વધાર્યુ છે. મંકીપોક્સના લક્ષણો જણાતાં તાત્કાલિક ધોરણે પગલાં લેવા નિર્દેશ કર્યો છે. મંત્રાલયે મંકીપોક્સની સારવાર માટે દિલ્હીમાં ત્રણ હોસ્પિટલ રામ મનોહર લોહિયા, સફદરજંગ અને લેડી હોર્ડિંગને નોડલ સેન્ટર બનાવી છે.

### દારૂ કૌભાંડ

# CM કેજરીવાલને ના મળી રાહત, કોર્ટે ફરી વધારી ન્યાયિક કસ્ટડી

**અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૭ ઓગસ્ટ સુધી લંબાવી**

નવી દિલ્હી,તા.૨૦

દિલ્હીની એક અદાલતે મંગળવારે સીબીઆઈ દ્વારા દારૂ કૌભાંડના સંબંધમાં નોંધાયેલા ભ્રષ્ટાચારના કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૭ ઓગસ્ટ સુધી લંબાવી છે. સ્પેશિયલ જજ કાવેરી બાવેજાએ આમ આદમી પાર્ટી (AAP)ના નેતા કેજરીવાલની કસ્ટડી ૨૭ ઓગસ્ટ સુધી લંબાવી હતી જ્યારે તેમને તેમની ન્યાયિક કસ્ટડીના અંતે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કેજરીવાલ વિરુદ્ધ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા ૨૭ ઓગસ્ટના રોજ દાખલ કરવામાં આવેલી પૂરક ચાર્જશીટ પર કોર્ટ વિચારણા કરે તેવી શક્યતા છે.

અગાઉ, સુપ્રીમ કોર્ટે દારૂ કૌભાંડ કેસમાં સીબીઆઈ દ્વારા નોંધાયેલા ભ્રષ્ટાચારના કેસમાં અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન આપવાનો ઈનકાર કર્યો હતો અને તેમની ધરપકડને પડકારતી અરજી પર તપાસ એજન્સી પાસેથી જવાબ માંગ્યો હતો. જસ્ટિસ સૂર્યકાન્ત અને ઉજ્જલ ભુયાનની બેંચ સમક્ષ સુનાવણી શરૂ થતાં કેજરીવાલ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીએ કહ્યું કે તેમને કથિત કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ત્રણ વખત વચગાળાના જામીન આપવામાં આવ્યા છે અને તેમની સામે પ્રિવેન્શન હેઠળ કેસ કરવામાં આવ્યો છે. આ કાયદા હેઠળના કેસોમાં જામીન આપવા માટે મની લોન્ડરિંગ એક્ટ (PMLA) પણ કડક શરતો લાદવામાં આવી છે. સિંઘવીએ ૨૦ જૂનના રોજ ટ્રાયલ કોર્ટ દ્વારા મંજૂર કરાયેલા નિયમિત જામીન તેમજ ૧૦ મે અને ૧૨ જુલાઈએ સુપ્રીમ કોર્ટના વચગાળાના જામીનના આદેશોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે બેંચને માહિતી આપી હતી કે દિલ્હી હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના ૨૦ જૂનના આદેશ પર મૌખિક સ્ટે આપ્યો હતો. સિંઘવીએ દલીલ કરી હતી.

કે જ્યારે કેજરીવાલને PMLA હેઠળ લાદવામાં આવેલી કડક શરતો હોવા છતાં જામીન આપી શકાય છે, ત્યારે તેમને CBI કેસમાં નિયમિત જામીન નકારી શકાય નહીં કારણ કે ભ્રષ્ટાચાર નિવારણ કાયદામાં મની લોન્ડરિંગ વિરોધી કાયદામાં આવી કડક જોગવાઈઓ નથી. સિંઘવીએ કહ્યું, ''મને આ કહેવું ગમતું નથી, પરંતુ મેં દરેક જગ્યાએ આ કહ્યું છે. ધરપકડના આ કેસને વીમા ધરપકડ કહી શકાય. તમે ૨૩ એપ્રિલે ૯ કલાક મારી પૂછપરછ કરી, ૨૪ માર્ચે ED દ્વારા મારી ધરપકડ કરવામાં આવી. તમે મારી ધરપકડ કરી ન હતી ત્યાં સુધી મને ત્રણ જામીન મળ્યા હતા અને આદેશ બાદ મારી ધરપકડ કરવામાં આવી હતી.'' સિંઘવીએ કેજરીવાલના સ્વાસ્થ્યની ચિંતાના સંદર્ભમાં વચગાળાના જામીન માટે વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે જામીનની વિનંતી કરતી અરજી પહેલા જ દાખલ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે સિંઘવીને કહ્યું, ''અમે કોઈ વચગાળાના જામીન આપી રહ્યાં નથી.'' આ પછી, વરિષ્ઠ વકીલે વહેલી સુનાવણી માટે વિનંતી કરી અને બેન્ચે આગામી સુનાવણી માટે ૨૩ ઓગસ્ટ નક્કી કરી.

અગાઉ, દિલ્હી હાઈકોર્ટે ૫ ઓગસ્ટના રોજ કેજરીવાલની ધરપકડને સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે CBIની કાર્યવાહીમાં કોઈ દ્વેષ નથી, જે દર્શાવે છે કે આમ આદમી પાર્ટી (AAP)ના વડા સાક્ષીઓને કેવી રીતે પ્રભાવિત કરી શકે છે જે તેમની ધરપકડ પછી જ જુબાની આપવા માટે હિંમત એકત્ર કરી શકે છે . હાઈકોર્ટે તેમને સીબીઆઈ કેસમાં નિયમિત જામીન માટે નીચલી કોર્ટનો સંપર્ક કરવા કહ્યું હતું. કોર્ટે કહ્યું હતું કે કેજરીવાલની ધરપકડ અને સીબીઆઈ દ્વારા સંબંધિત પુરાવા એકત્ર કર્યા પછી, તેમની વિરુદ્ધ પુરાવાઓની સાંકળ બંધ થઈ ગઈ છે અને એવું કહી શકાય નહીં કે તે કોઈ વ્યાજબી કારણ વિના અથવા ગેરકાયદેસર હતું. કોર્ટે કહ્યું કે કેજરીવાલ સામાન્ય નાગરિક નથી, પરંતુ મેગ્સેસે એવોર્ડ વિજેતા અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક છે.

### રાજ્યમાં વધુ જગ્યાઓ પર ઓન-કોર્ટની સ્થાપના થઈ શકે છે

# દેશની પ્રથમ ડિજિટલ કોર્ટ કેરળના કોલ્લમમાં ખુલી

**કેરળમાં શરૂ થયેલી દેશની પ્રથમ ડિજિટલ કોર્ટનું નામ ૨૪/૭ ઓન કોર્ટ રાખવામાં આવ્યું છે કોર્ટમાં ચાલી રહેલા કેસોની સુનાવણી સપ્ટેમ્બર ૨૦૨૪થી શરૂ થશે**

કેરળ,તા.૨૦

દેશની પ્રથમ ડિજિટલ કોર્ટ કેરળના કોલ્લમમાં ખુલી છે. આ કોર્ટનું ઉદ્‌ઘાટન શુક્રવારે સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ બી.આર. ગવઈએ કર્યું હતું પરંતુ હવે તેના ઉદ્‌ઘાટન બાદથી સોશિયલ મીડિયા પર ડિજિટલ કોર્ટને લઈને ઘણા પ્રશ્નો પૂછવામાં આવી રહ્યા છે. ઘણા લોકોને સવાલ થતા હશેકે, ડિજિટલ કોર્ટ શું છે અને તે કેવી રીતે કામ કરે છે. ડિજિટલ અદાલતનું નામ સાંભળતા જ સમજાય છે કે, અહીં બધું જ ડિજિટલ હોવું જોઈએ. દેશની પ્રથમ ડિજિટલ કોર્ટ કરેળમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ (NI Act)ના કેસોની સુનાવણી થશે. કેરળમાં શરૂ થયેલી દેશની પ્રથમ ડિજિટલ કોર્ટનું નામ '૨૪/૭ ઓન કોર્ટ' રાખવામાં આવ્યું છે. કોર્ટમાં ચાલી રહેલા કેસોની સુનાવણી સપ્ટેમ્બર ૨૦૨૪થી શરૂ થશે. ડિજિટલ કોર્ટમાં પ્રારંભિક ફાઈલિંગથી લઈને અંતિમ નિર્ણય સુધીની તમામ કામગીરી ડિજિટલ રીતે કરવામાં આવશે. જો આ પહેલ સફળ થશે તો રાજ્યમાં વધુ જગ્યાઓ પર ઓન-કોર્ટની સ્થાપના થઈ શકે છે.ડિજીટલ કોર્ટ '૨૪/૭ ઓન (ઓપન એન્ડ નેટવર્ક્ડ) કોર્ટ' શરૂઆતમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ હેઠળના કેસોની સુનાવણી કરશે. નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ એ પ્રોમિસરી નોટ્સ, બિલ્સ ઑફ એક્સચેન્જ અને ચેકને લગતો કાયદો છે. હાઈકોર્ટના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ચેક બાઉન્સના કેસો એનઆઈ એક્ટના કુલ પેન્ડિંગ કેસના દસ ટકા જેટલા છે. NI એક્ટની કલમ ૧૩૮ હેઠળ ચેક બાઉન્સ ગુનો છે. જો તમે કોઈને ૪૦,૦૦૦ રૂપિયાનો ચેક આપો છો, પરંતુ જ્યારે બીજી વ્યક્તિ તેને બેંકમાં જમા કરાવે છે તો પૈસા નથી હોતા. જેથી તે સમયે આપેલ ચેક રિજેક્ટ થઈ જાય છે. બેંકની ભાષામાં તેને ચેક બાઉન્સ કહેવામાં આવશે. આમ કરવું એ NI એક્ટ ૧૮૮૧ હેઠળ સજાપાત્ર ગુનો છે. જો દોષિત ઠરે તો, સજા ચેકની રકમના બમણા દંડ અથવા વધુમાં વધુ બે વર્ષની કેદ અથવા બંને થઈ શકે છે.કેરળ હાઈકોર્ટના જસ્ટિસ રાજા વિજયરાઘવન વીએ કહ્યું છે કે ટેક્નોલોજીને કોર્ટ સાથે જોડવાથી પ્રક્રિયા સરળ બનશે. ડિજિટલ કોર્ટમાં સ્માર્ટ શેડ્યુલિંગ સિસ્ટમ હશે, જેથી સુનાવણી સમયસર થઈ શકે. ફરિયાદીઓને મદદ કરવા માટે, તેમને તેમના કેસના રિયલ ટાઈમ સ્ટેટ્સ બતાવાશે. આ સિવાય કોર્ટને બેંક અને પોલીસ જેવી મહત્વની સંસ્થાઓ સાથે જોડવામાં આવશે, જેનાથી માહિતીનું આદાન-પ્રદાન સરળ બની શકશે.

### TRP કાંડ પછી કલેક્ટરે ૪૫ નિયમોની SOP બનાવી

# રાજકોટમાં યોજાનાર જન્માષ્ટમીના પ્રખ્યાત લોકમેળામાં SOPના ધજાગરા

## રૂપિયા ૧.૨૭ કરોડમાં ૩૧ પ્લોટસ રાઇડસ માટે ખરીદ્યા

રાજકોટ ,તા.૨૦

રાજકોટમાં યોજાનાર જન્માષ્ટમીના પ્રખ્યાત લોકમેળામાં SOPના ધજાગરા ઉડ્યા છે. લોકમેળામાં SOPનું સુરસુરિયું થતા નિયમોનું પાલન ના થતું હોવા છતાં તંત્ર મૌન છે. જેમાં લોકમેળામાં રાઈડસ સંચાલકો દ્વારા કોઈ ફાઉન્ડેશન ભરવામાં આવ્યું નથી. તેમજ ફાઉન્ડેશન ભર્યા વગર જ રાઈડસ ઊભી કરવામાં આવી રહી છે.

કલેક્ટર દ્વારા ફાઉન્ડેશન અને સોઈલ રિપોર્ટ ફરજિયાત કરવામાં આવ્યો છે. જેમાં TRP કાંડ પછી કલેક્ટરે ૪૫ નિયમોની SOP બનાવી હતી. તેમાં SOPનું પાલન ના થતું હોવા છતાં તંત્રએ કોઈ કાર્યવાહી કરી નથી. રાજકોટના રેસકોર્સ મેદાનમાં સાતમ-આઠમના તહેવારોમાં યોજાનારા લોકમેળામાં દર વર્ષે પાંચ દિવસમાં ૧૫ લાખથી વધુ લોકો આવે છે. ત્યારે લોકોમેળાને લઈને લોકોમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળે છે. જોકે, આ વખતે ૨૪થી ૨૮ ઓગસ્ટ દરમિયાન જન્માષ્ટમીનો યોજાનારા લોકમેળામાં એકસાથે તમામ મોટી રાઈડસની ખરીદી કરતા વિરેન્દ્રસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, અમે ગ્રીનલેન્ડ ચોકડી અને નાનામવા સર્કલ પાસે ખાનગી મેળાનું આયોજન કરીએ છીએ.

જોકે, આ વખતે રાજ્ય સરકારની કડક ગાઈડલાઈનના કારણે કોઈએ હરાજીમાં ભાગ ન લેતા ખાનગી મેળા સંચાલકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેથી, અમે યાંત્રિક રાઈડસની હરાજીમાં ભાગ લીધો હતો. જેમાં ૩૧ મોટી રાઈડસની અપસેટ પ્રાઈઝ ૧.૧૮ કરોડ હતી. જોકે, બોલી લગાવતા ૧.૨૭ કરોડમાં ૩૧ પ્લોટસ મળ્યા હતા. આ વખતે પ્રથમ વખત રેસકોર્સ મેદાનમા લોકમેળામાં રાઈડસ રાખીશું અને NDT રિપોર્ટ, ફાઉન્ડેશન અને ફિટનેસ સર્ટિફિકેટ સહિતના નિયમોનું પાલન કરીશું. મેં બિલ્ડિંગ લાઈનમાં કામ કરેલું છે અને SOP તે મુજબનીજ હોય છે. રાજકોટ બહારના કોઈ વ્યક્તિ આવી ન જાય તે માટે રૂપિયા ૧.૨૭ કરોડમાં ૩૧ પ્લોટસ રાઈડસ માટે ખરીદ્યા છે.

રાજકોટમાં યોજાનાર જન્માષ્ટમીનો લોકમેળો દેશભરમાં પ્રચલિત છે. દર વર્ષે તંત્ર દ્વારા મેળાના નામકરણ માટે રાજકોટની જનતાને જોડવામાં આવી હતી. જેમાં તમામ શહેરીજનો દ્વારા તેમની પસંદગીનું નામ મોકલવામાં આવેલ હતુ. ત્યારે કલેકટર પ્રભવ જોષી દ્વારા આ યાદીમાંથી એક નામ પંસદ કરી આગામી તારીખ ૨૪થી ૨૮ ઓગસ્ટ ૨૦૨૪ સુધી યોજાનારા લોકમેળાનું નામ 'ધરોહર' નક્કી રાખવામાં આવ્યું હતુ.

તો બીજી તરફ લોકમેળામાં વર્ષોથી રાઈડ્સ રાખનારા કડક SOPનો વિરોધ કરી રહ્યા હતા. જેને લઈને તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૩ વખત હરાજી કરાયા બાદ પણ કોઈએ ભાગ લીધો ન હતો. જેથી વહીવટી તંત્ર દ્વારા ખાનગી મેળાના આયોજકોને આમંત્રિત કર્યા હતા. જેમાં એક ખાનગી મેળા સંચાલકે ૧.૨૭ કરોડમાં એકસાથે ૩૧ પ્લોટ ખરીદ્યા હતા. જેથી તમામ મોટી રાઈડસ એક વ્યક્તિને આપવામાં આવી છે.

### UPSCને સીધી ભરતી પર પ્રતિબંધ મૂકવાનો આદેશ

# કેન્દ્ર સરકારે લેટરલ એન્ટ્રીની જાહેરાત પર મુક્યો પ્રતિબંધ

**અગાઉ, UPSC એ ૧૭ ઓગસ્ટના રોજ એક જાહેરાત બહાર પાડી હતી, જેમાં ૪૫ જોઈન્ટ સેક્રેટરી, ડેપ્યુટી સેક્રેટરી અને ડિરેક્ટર લેવલની ભરતી લેટરલ એન્ટ્રી દ્વારા કરવામાં આવી હતી**

નવી દિલ્હી, તા.૨૦

યુપીએસસીમાં લેટરલ એન્ટ્રી અંગેની ચર્ચા વચ્ચે કેન્દ્ર સરકારે મંગળવારે લેટરલ એન્ટ્રીની જાહેરાત પર પ્રતિબંધ લગાવી દીધો છે. કર્મચારી મંત્રીએ આ અંગે UPSC અધ્યક્ષને પત્ર લખ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સૂચના પર સીધી ભરતી માટેની જાહેરાતો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. અગાઉ, UPSC એ ૧૭ ઓગસ્ટના રોજ એક જાહેરાત બહાર પાડી હતી, જેમાં ૪૫ જોઈન્ટ સેક્રેટરી, ડેપ્યુટી સેક્રેટરી અને ડિરેક્ટર લેવલની ભરતી લેટરલ એન્ટ્રી દ્વારા કરવામાં આવી હતી.

લેટરલ રિક્રુટમેન્ટમાં ઉમેદવારોને UPSC પરીક્ષામાં હાજરી આપ્યા વિના ભરતી કરવામાં આવે છે. આમાં અનામતના નિયમોનો કોઈ ફાયદો નથી. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આનો વિરોધ કર્યો હતો અને કહ્યાં હતું કે લેટરલ એન્ટ્રી દ્વારા મહત્ત્વપૂર્ણ પદો પર ભરતી કરીને SC, ST અને OBC વર્ગો માટે અનામત ખુલ્લેઆમ છીનવાઈ રહી છે.જ્યારે આને લઈને વિવાદ વધ્યો ત્યારે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આગેવાની લીધી અને કહ્યું કે નોકરશાહીમાં લેટરલ એન્ટ્રી કોઈ નવી વાત નથી.

૧૯૭૦ના દાયકાથી કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારો દરમિયાન લેટરલ એન્ટ્રી થઈ રહી છે અને ભૂતપૂર્વ વડા પ્રધાનો મનમોહન સિંહ અને મોન્ટેક સિંહ આહલુવાલિયા આવી પહેલોના મુખ્ય ઉદાહરણો છે.

## સિક્કિમમાં ભારે ભૂસ્ખલન, તિસ્તા ડેમ પર બનેલું પાવર સ્ટેશન થયું નષ્ટ

ગુવાહાટી,તા.૨૦

પૂર્વ સિક્કિમમાં મંગળવારે સવારે ભારે ભૂસ્ખલન થયું હતું. આના કારણે રાજ્યમાં એક પાવર સ્ટેશન લગભગ સંપૂર્ણપણે નાશ પામ્યું હતું. છેલ્લા કેટલાક અઠવાડિયાથી અહીં નાના-મોટા ભૂસ્ખલનની ઘટનાઓ સતત બની રહી છે. જેના કારણે ૫૧૦ મેગાવોટ પાવર સ્ટેશનને અડીને આવેલ ટેકરી જોખમમાં મુકાઈ હતી. મંગળવારે સવારે પહાડીનો મોટો ભાગ સરકી ગયો અને નેશનલ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશન (NHPC)ના તિસ્તા સ્ટેજ ૫ ડેમનું પાવર સ્ટેશન કાટમાળથી ઢંકાઈ ગયું. આ ઘટના પૂર્વ સિક્કિમના સિંગતમના દીપુ દારાની પાસે બાલુતારમાં બની હતી.

નજીકની ટેકરી પરથી સ્થાનિક રહેવાસીઓ દ્વારા વીડિયો પર કેપ્ચર કરાયેલા ભૂસ્ખલનમાં મોટા પથ્થરો અને કાટમાળ પાવરહાઉસ તરફ ઝડપથી પડતા દેખાતા હતા, જેના કારણે વ્યાપક નુકસાન થયું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈને ઈજા કે ઈજા થઈ નથી. સતત ભૂસ્ખલનને કારણે પાવર સ્ટેશનને થોડા દિવસો પહેલા ખાલી કરાવવામાં આવ્યું હતું. પાવર સ્ટેશનની નજીક કામ કરતા લોકો દ્વારા રેકોર્ડ કરવામાં આવેલા વીડિયોમાં જોઈ શકાય છે કે ખડકનો એક ભાગ સરકી રહ્યો છે અને થોડા સમય પછી તેનો મોટો ભાગ પાવર સ્ટેશનની ટોચ પર આવી જાય છે. ઓક્ટોબર ૨૦૨૩માં સિક્કિમમાં વાદળ ફાટ્યું હતું. જેના કારણે લોનાક ગ્લેશિયલ લેક ઓવરફ્લો થઈ ગયું અને સ્ટેજ ૫ ડેમ નિષ્ક્રિય બન્યો. વાદળ ફાટવાને કારણે સિક્કિમના સૌથી મોટા હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ, ચુંગથાંગ ખાતે તિસ્તા ડેમના કેટલાક ભાગો ધોવાઈ ગયા હતા.

### નાગરિક્તા રદ કરવાનો મામલો

# રાહુલ ગાંધીની નાગરિક્તા રદ્દ કરવાની માંગ કરતી અરજી હાઈકોર્ટમાં બીજી બેંચને ટ્રાન્સફર

**સુબ્રમણ્યમ સ્વામીએ રાહુલની ભારતીય નાગરિકતા રદ કરવાની માંગ પર ગૃહ મંત્રાલયને નિર્ણય લેવા માટે હાઈકોર્ટ પાસે આદેશની માંગ કરી છે**

નવી દિલ્હી,તા.૨૦

દિલ્હી હાઈકોર્ટે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની ભારતીય નાગરિકતા રદ કરવાની માગણી કરતી બીજેપી નેતા સુબ્રમણ્યમ સ્વામીની અરજીને અન્ય બેંચમાં ટ્રાન્સફર કરવાનો આદેશ આપ્યો છે.

જસ્ટિસ સંજીવ નરુલાની ખંડપીઠે કહ્યું કે અરજદારો એ સમજાવવામાં નિષ્ફળ ગયા કે શું તેમને આમાં કોઈ બંધારણીય અધિકાર છે?

અરજદારનું કહેવું છે કે આમાં જનહિતનો મુદ્દો સામેલ છે.



આ અરજીની સુનાવણી જાહેર હિતની અરજી પર સુનાવણી કરતી બેંચ દ્વારા કરવામાં આવશે. જે બાદ કોર્ટે કાર્યવાહક મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી અન્ય બેંચને અરજી ટ્રાન્સફર કરવાનો આદેશ આપ્યો હતો. આજે સુનાવણી દરમિયાન, સુબ્રમણ્યમ સ્વામીએ પોતે પોતાની દલીલો રજૂ કરતા કહ્યું કે, તેમણે ૨૦૧૯માં ગૃહ મંત્રાલયને પત્ર લખ્યો હતો કે બેકઓપ્સ લિમિટેડ ૨૦૦૩માં બ્રિટનમાં રજીસ્ટર થઈ હતી. અને રાહુલ ગાંધી તે કંપનીના ડિરેક્ટરોમાંના એક હતા. કંપની દ્વારા ૧૦ ઓક્ટોબર ૨૦૦૫ અને ૩૧ ઓક્ટોબર ૨૦૦૬ના રોજ ફાઈલ કરવામાં આવેલા વાર્ષિક ઈન્કમ ટેક્સ રિટર્નમાં કહેવામાં આવ્યું છે કે રાહુલ ગાંધીની નાગરિકતા બ્રિટનની છે.

ગુજરાત એસટી બસોનો કાયાકલ્પ

# ગુજરાત એસટી નિગમ દ્વારા નવી ૨૮૦૦ બસો જનતાની સેવામાં મૂકવામાં આવી

## રાજ્યમાં ૧૮ નવા બસ સ્ટેશનો તેમજ બસ ડેપો શરૂ કરવામાં આવ્યા

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર ખાતે ૨૦ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત એસટી બસોનો કાયાકલ્પ થયો છે. છેલ્લા દોઢ એક વર્ષમાં ગુજરાત રાજ્ય વાહનવ્યવહાર (એસટી) નિગમ દ્વારા મુસાફરોની સુવિધાઓમાં વધારો કરવા માટે ?૧૬૬ કરોડથી વધુના ખર્ચે નવી બસો શરૂ કરવામાં આવી છે, તેમજ નવા બસ સ્ટેશનો/ડેપોનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું છે.

એસટી નિગમ જૂની બસોના સ્થાને નવી, આધુનિક બસો ઉપરાંત મુસાફરોને ઈલેક્ટ્રિક બસોની સુવિધા પણ પૂરી પાડી રહ્યું છે, જેના દ્વારા નિગમ ગુજરાતના ગ્રીન રિવૉલ્યૂશનમાં પણ ફાળો આપી રહ્યું છે. આ સાથે જ નિગમ દ્વારા તાજેતરમાં ચાલુ કરવામાં આવેલી ડબલ ડેકર બસો રાજ્યના જાહેર વાહન વ્યવહાર ક્ષેત્ર, નિગમ અને રાજ્ય સરકારની શાન વધારી રહી છે.

નિગમ દ્વારા ૧૬૬ કરોડથી વધુના ખર્ચે વિવિધ બસ સ્ટેશનો બનવામાં આવ્યા. ગુજરાત સરકાર અને એસટી નિગમ સાથે મળીને રાજ્યમાં એસટી બસ સેવામાં ઉત્તરોત્તર સુધારો કરી રહ્યા છે. રાજ્ય સરકારના પ્રોત્સાહન સાથે ગુજરાત રાજ્ય એસટી નિગમ દ્વારા ૧૬૬ કરોડથી વધુના ખર્ચે

૨૦ નવા બસ સ્ટેશનો/ડેપોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે, જેની કામગીરી પૂરઝડપે ચાલી રહી છે. આ ઉપરાંત, રાજ્ય સરકાર તથા એસટી નિગમે પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) ધોરણે નિર્મિત આધુનિક સુવિધાઓ ધરાવતા ભુજ તેમજ ભરૂચ બસ સ્ટેશનોનું લોકાર્પણ કર્યું છે. નિગમ દ્વારા ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ૫ આઈકૉનિક એસી ડબલ ડેકર ઈલેક્ટ્રિક બસો સંચાલનમાં મૂકવામાં આવી છે, જે મુસાફરોના આકર્ષણ અને સુવિધાનું કેન્દ્ર બની રહી છે. આ સાથે જ, નિગમ દ્વારા ૧૦હજારથી વધુ ડ્રાઈવર, કન્ડક્ટર, મિકેનિકલ સ્ટાફ તથા વહીવટી સ્ટાફની ભરતી કરવામાં આવશે, જે માટેની મંજૂરી આપી દેવામાં આવી છે.

ગુજરાત રાજ્ય એસટી નિગમે દોઢ વર્ષમાં કુલ ૨૯૮૬ નવા વાહનોનું લોકાર્પણ કર્યું છે. તેમાં રાજ્ય કક્ષાએ ૫૮૪, ગાંધીનગરમાં ૪૧૭, જામનગરમાં ૧૫૧, પાલનપુરમાં ૭૦, નવસારીમાં ૧૨૫, વડોદરામાં ૪૭૪, સુરતમાં ૧૧૧, શંખેશ્વરમાં ૧૫, રાણીપ (અમદાવાદ)માં ૪૭, લુણાવાડા તથા ક્વાંટમાં ૫૦, ગિફ્ટ સિટી (ગાંધીનગર)માં ૨, સોનગઢમાં ૫૧, વિધાનસભા / સચિવાલય (ગાંધીનગર)માં ૭૦, કલોલમાં ૨૫, નડાબેટમાં ૧૦૦ તથા જીએમડીસી (અમદાવાદ)માં ૩૦૧ વાહનોનો સમાવેશ થાય છે. રાજ્ય સરકાર દ્વારા ફાળવાયેલ ફંડ હેઠળ નિગમે ૧૬ સ્થળો પર ?૫૪ કરોડથી વધુના ખર્ચે નિર્મિત નવા બસ સ્ટેશનોનું લોકાર્પણ કર્યું છે, જેમાં સુરેન્દ્રનગર, મોરબી (નવું), ધાનપુર, ડેસર, લીમખેડા, મહુવા, રાજકોટ સેટેલાઈટ, વસો, ચકલાસી, ક્વાંટ, સોનગઢ, આટકોટ, ભરૂચ, કામરેજ, થાનગઢ, વાંકાનેર તેમજ હળવદનો સમાવેશ થાય છે. તેવી જ રીતે ૨૮ કરોડથી વધુના ખર્ચે પીપીપી ધોરણે નિર્મિત ભરૂચ તેમજ ભુજ બસ સ્ટેશનોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે અને ?૫ કરોડ ૫૦ લાખથી વધુના ખર્ચે લુણાવાડા તથા દ્વારકા ખાતે નવનિર્મિત ડેપો-વર્કશૉપનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા ફાળવાયેલ ફંડ અંતર્ગત નિગમ દ્વારા ૧૨ સ્થળોએ ?૪૩ કરોડથી વધુના ખર્ચે નવા બસ સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવશે. આ તમામ બસ સ્ટેશોના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરી દેવામાં આવ્યું છે, જેમાં જોટાણા, શંખેશ્વર, સરસ્વતી, રાણપુર, વીરપુર, આમોદ, સુઈગામ, લોધિકા, કુકરવાડા, લાડોલ, ઉમરગામ તથા જામનગરનો સમાવેશ થાય છે.તેવી જ રીતે રાજ્યના ૮ સ્થળોએ ?૩૪ કરોડથી વધુના ખર્ચે તૈયાર થનાર નવા ડેપો/વર્કશૉપનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે, જેમાં સંતરામપુર, ઉધના, હારિજ, પાલનપુર, જામજોધપુર, તલોદ, વીજાપુર તેમજ બોડેલી જેવા સ્થળોનો સમાવેશ થાય છે.

જેપીસી સભ્યોને મળી અને ખામીઓ દર્શાવી

# પર્સનલ લો બોર્ડ અને જમિયતે વક્ફ બિલ સામે વાંધો ઉઠાવ્યો

## મૌલાના અરશદ મદનીએ જણાવ્યું હતું કે જે સુધારાની વિગતો પ્રકાશમાં આવી છે તેનાથી અમારી આશંકા બદલાઈ ગઈ છે

નવી દિલ્હી, તા.૨૦

વક્ફ સુધારા બિલ ૨૦૨૪ને લઈને પ્રમુખ જમીયત ઉલમા-એ-હિંદ મૌલાના અરશદ મદનીના વિશેષ નિર્દેશો પર, જમીયત ઉલામાના સભ્યો સતત તમામ વિપક્ષી પાર્ટીઓના નેતાઓ અને સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ના સભ્યોને મળી રહ્યા છે. આ બેઠકો દરમિયાન, જમીયતના સભ્યો આ બિલના નુકસાનકારક સુધારાઓ પર પ્રકાશ પાડી રહ્યા છે અને એ પણ સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે જો બિલ પસાર થાય તો મુસ્લિમો પર તેની શું નુકસાનકારક અસરો થઈ શકે છે. આવા કાયદાની આડમાં મુસ્લિમોને તેમની વક્ફ મિલકતોથી કેવી રીતે વંચિત કરી શકાય?આ બેઠકો રાષ્ટ્રીય અને રાજ્ય બંને સ્તરે ચાલી રહી છે. આ સંદર્ભે, તાજેતરમાં જ જમીયત ઉલમા મહારાષ્ટ્રનું એક પ્રતિનિધિમંડળ મુંબઈમાં એનસીપીના નેતા બાલ્યા મામા મહાત્રે, જેપીસીના સભ્ય છે અને શિવસેનાના સાંસદ અરવિંદ સાવંતને મળ્યા હતા. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ અને જમિયત ઉલેમા-એ-હિંદનું સંયુક્ત પ્રતિનિધિમંડળ તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિનને પણ મળી રહ્યું છે. બિહાર સહિત અન્ય રાજ્યોમાં પણ જમીયત ઉલામાના સભ્યો રાજકીય પક્ષોના નેતાઓ અને જેપીસીના સભ્યોને મળી રહ્યા છે અને તેમને પ્રસ્તાવિત બિલની ખામીઓ અને તેના નુકસાનકારક વિભાગો વિશે જણાવી રહ્યા છે.આ સમગ્ર મામલે પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરતા મૌલાના અરશદ મદનીએ જણાવ્યું હતું કે જે સુધારાની વિગતો પ્રકાશમાં આવી છે તેનાથી અમારી આશંકા બદલાઈ ગઈ છે કે વક્ફ અંગે સરકારનો ઈરાદો સાચો નથી. સુધારાના નામે જે નવું બિલ લાવવામાં આવ્યું છે તેનો હેતુ વક્ફ સંપત્તિનું રક્ષણ કરવાનો નથી પરંતુ મુસ્લિમોને આ મહાન વારસાથી વંચિત રાખવાનો છે જે તેમના પૂર્વજોએ ગરીબ, નિરાધાર અને જરૂરિયાતમંદ મુસ્લિમોના ઉત્થાન અને કલ્યાણ માટે છોડી દીધો છે. તેમણે કહ્યું કે આ બિલ આપણા ધાર્મિક મામલામાં ખુલ્લી હસ્તક્ષેપ અને એક મોટું ષડયંત્ર છે.તેમણે વધુમાં કહ્યું કે મુસ્લિમ દરેક પ્રકારનું નુકસાન સહન કરી શકે છે પરંતુ તેની શરિયતમાં દખલગીરી ક્યારેય સહન કરી શકે નહીં. બીજું, આ બિલ મુસ્લિમોને આપવામાં આવેલા બંધારણીય અધિકારો પર પણ હુમલો છે. દેશના બંધારણે દરેક નાગરિકને ધાર્મિક સ્વતંત્રતાની સાથે પોતાની ધાર્મિક આસ્થા અને નિયમોનું સ્વતંત્રપણે પાલન કરવાનો અધિકાર આપ્યો છે.

તે વ્યક્તિ સાઉદી અરેબિયાથી પરત ફર્યો હતો

# પાકિસ્તાન બાદ પીઓકેમાં પણ એમપોક્સ વાયરસનો કેસ જોવા મળ્યો

## એમપોક્સ ચેપગ્રસ્ત ત્વચા અથવા અન્ય જખમ જેમ કે મોં અથવા જનનાંગોના સીધા સંપર્ક દ્વારા એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાય છે

ઈસ્લામાબાદ, તા.૨૦

**Mpox ફાટી નીકળવો:** વિશ્વના ઘણા દેશોમાં Mpox વાયરસ વધી રહ્યો છે. પાડોશી દેશ પાકિસ્તાન બાદ આ વાયરસનો પહેલો કેસ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)માં સામે આવ્યો છે. આ પછી ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ચાર થઈ ગઈ છે.પીઓકેના રહેવાસી 47 વર્ષીય વ્યક્તિમાં આ વાયરસ જોવા મળ્યો છે. આ વ્યક્તિ તાજેતરમાં સાઉદી અરેબિયાના જેદ્દાહથી પાકિસ્તાન પરત ફર્યો હતો. આ વ્યક્તિને એમપીઓક્સના લક્ષણો સાથે ઈસ્લામાબાદમાં પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ (PIMS)માં દાખલ કરવામાં આવ્યો હતો.હોસ્પિટલના ડોકટર નસીમ અખ્તરે જણાવ્યું કે દર્દીમાં મંકી પોક્સના લક્ષણો હતા. આવા દર્દીઓને ખાસ વોર્ડમાં રાખવામાં આવે છે. તમને જણાવી દઈએ કે અગાઉ પાકિસ્તાનમાં મંકી પોક્સના ત્રણ કેસ નોંધાયા હતા. આ તમામ ખૈબર પખ્તુનખ્વાથી આવ્યા હતા.WHO એ MPOX ને વૈશ્વિક જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી છે. આરોગ્ય એજન્સીએ તેને 'ગ્રેડ 3 કટોકટી' તરીકે વર્ગીકૃત કર્યું હતું, જેનો અર્થ છે કે તેના પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે. તમને જણાવી દઈએ કે અત્યાર સુધી એમપોક્સ વાયરસના કેસ માત્ર આફ્રિકામાં જ જોવા મળતા હતા, પરંતુ હવે આફ્રિકાની બહાર પણ તેના કેસ મળવા લાગ્યા છે.મંકીપોક્સ એ એક વાયરલ રોગ છે જે મંકીપોક્સ વાયરસથી થાય છે, જે ઓર્થોપોક્સ વાયરસ જીનસની એક પ્રજાતિ છે. એમપોક્સ પહેલા મંકીપોક્સ તરીકે ઓળખાતું હતું. 1958માં વાંદરાઓમાં 'પોક્સ-જેવો' રોગ ફાટી નીકળ્યો ત્યારે વૈજ્ઞાનિકો દ્વારા આ વાઈરસને સૌપ્રથમ ઓળખવામાં આવ્યો હતો.Mpox એક વાયરલ ચેપ છે જે મુખ્યત્વે ચેપગ્રસ્ત વ્યક્તિ અથવા પ્રાણીના સંપર્ક દ્વારા ફેલાય છે. એમપોક્સ ચેપગ્રસ્ત ત્વચા અથવા અન્ય જખમ જેમ કે મોં અથવા જનનાંગોના સીધા સંપર્ક દ્વારા એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાય છે. મધ્ય અને પશ્ચિમ આફ્રિકામાં મોટાભાગના કેસો એવા લોકોમાં જોવા મળ્યા છે જેઓ ચેપગ્રસ્ત પ્રાણીઓના સંપર્કમાં હતા.નિષ્ણાતો કહે છે કે આ ચેપ કપડા અથવા લિનન જેવી દૂષિત વસ્તુઓ, ટેટૂની દુકાનો, પાર્લર અથવા અન્ય જાહેર સ્થળોએ ઉપયોગમાં લેવાતી સામાન્ય વસ્તુઓના ઉપયોગથી પણ ફેલાઈ શકે છે. ચેપગ્રસ્ત પ્રાણીઓના કરડવાથી, ખંજવાળ, ખાવાથી અથવા અન્ય પ્રવૃત્તિઓ દ્વારા પણ વાયરસ પ્રાણીઓમાંથી માણસોમાં ફેલાય છે.એમપોક્સથી સંક્રમિત લોકો ઘણીવાર શરીર પર ફોલ્લીઓ વિકસાવે છે જે હાથ, પગ, છાતી, ચહેરા અથવા મોં પર અથવા જનનાંગોની આસપાસ દેખાઈ શકે છે. આ પુસ્ટ્યુલ્સ આખરે પુસ્ટ્યુલ્સ બનાવે છે (મોટા સફેદ કે પીળા પુસ્ટ્યુલ્સ પુસથી ભરેલા હોય છે) અને રૂઝ આવે તે પહેલાં સ્કેબ. તેના અન્ય લક્ષણોમાં તાવ, માથાનો દુખાવો અને સ્નાયુઓમાં દુખાવો પણ સામેલ છે.

વાહનચેકિંગ સમયે બની ઘટના

# મહિલા PSI અને કોન્સ્ટેબલ વચ્ચે શાબ્દિક યુદ્ધ

## ડાર્ક ફિલ્મ લગાવેલી કાર લઈને જઈ રહેલા છોટાઉદેપુરના પોલીસ કર્મચારી સાથે પરિવારને રોક્યો હતો

ભાવનગર,તા.૨૦

ભાવનગરમાં તો મહિલા PSI અને પોલીસ કોન્સ્ટેબલ વચ્ચે ઘષર્ણ થયુ હોવાનું સામે આવ્યુ છે. કાળીયાબીડ પાણીની ટાંકી નજીક વાહન ચેકિંગ સમયે આ ઘટના બની હતી. ફેન્સી નંબર વાળી ડાર્ક ફિલ્મ લગાવેલી કાર લઈને જઈ રહેલા છોટાઉદેપુરના પોલીસ કર્મચારી સાથે પરિવારને રોક્યો હતો.

રાજ્યમાં ઘણી વાર એવી ઘટના બને છે કે બે વ્યક્તિઓ વચ્ચે શાબ્દિક યુદ્ધ થયા હોય. પરંતુ ભાવનગરમાં તો મહિલા PSI અને પોલીસ કોન્સ્ટેબલ વચ્ચે ઘષર્ણ થયુ હોવાનું સામે આવ્યુ છે. કાળીયાબીડ પાણીની ટાંકી નજીક વાહન ચેકિંગ સમયે આ ઘટના બની હતી. ફેન્સી નંબર વાળી ડાર્ક ફિલ્મ લગાવેલી કાર લઈને જઈ રહેલા છોટાઉદેપુરના પોલીસ કર્મચારી સાથે પરિવારને રોક્યો હતો. મહિલા PSIએ ફેન્સી નંબર વાળી ડાર્ક ફિલ્મ લગાવેલી કોન્સ્ટેબલની ગાડીને ડીટેન કરવાનો આગ્રહ રાખ્યો હતો.જેના પગલે છોટાઉદેપુરના પોલીસ કોન્સ્ટેબલ અને ભાવનગર PSI વચ્ચે શાબ્દિક ઘર્ષણ થયુ હોવાનું સામે આવ્યુ છે .PSIએ ઘર્ષણ બાદ કોન્સ્ટેબલ વિરુદ્ધ ફરજમાં રુકાવટની ફરિયાદ નોંધી છે. બંને પોલીસ કર્મચારી વચ્ચે થયેલા શાબ્દિક યુદ્ધનો વીડિયો વાયરલ થયો છે.

કોલકાતા બળાત્કાર-હત્યા કેસ

# આરજી કાર હોસ્પિટલની નાણાકીય ગેરરીતિઓની તપાસ માટે SITની રચના કરવામાં આવી

## સંસ્થામાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે આ ટીમને તપાસનું કામ સોંપવામાં આવ્યું છે

નવી દિલ્હી, તા.૨૦

પશ્ચિમ બંગાળ સરકારે RG કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં કથિત નાણાકીય ગેરરીતિઓની તપાસ કરવા માટે IPS ડૉ પ્રણવ કુમારના નેતૃત્વ હેઠળ એક વિશેષ તપાસ ટીમ (SIT) ની રચના કરી છે. પૂર્વ પ્રિન્સિપાલ ડો. સંદીપ ઘોષ સામે આક્ષેપો સામે આવ્યા બાદ તેની રચના કરવામાં આવી છે.પશ્ચિમ બંગાળ પોલીસ દ્વારા બનાવવામાં આવેલી ટીમનું નેતૃત્વ IPS અધિકારી અને પોલીસ મહાનિરીક્ષક ડૉ. પ્રણવ કુમાર કરશે. ટીમમાં મુર્શિદાબાદ રેન્જના ડીઆઈજી વકાર રઝા, સીઆઈડી ડીઆઈજી સોમા દાસ મિત્રા અને કોલકાતા પોલીસના ડીસીપી ઈન્દિરા મુખર્જી જેવા સભ્યો પણ સામેલ હશે. સંસ્થામાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે આ ટીમને તપાસનું કામ સોંપવામાં આવ્યું છે.CBI સંદીપ ઘોષ વિરુદ્ધ પણ તપાસ કરી રહી છે અને એજન્સી તેમના પર પોલીગ્રાફી ટેસ્ટ પણ કરાવવા માંગે છે. ઉદાહરણ તરીકે, પીડિતાના પરિવાર અને હોસ્પિટલના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ ડૉ. સંદીપ ઘોષના નિવેદનોમાં વિસંગતતાઓ જોવા મળી છે. અલગ-અલગ નિવેદનોને કારણે એવું કહેવામાં આવી રહ્યું છે કે CBI તેમનો પોલીગ્રાફી ટેસ્ટ કરાવી શકે છે. જો કે તેની પોલીગ્રાફીની મંજૂરી હજુ સુધી કોર્ટમાંથી મળી નથી.કોર્ટે સંજય રોયના પોલીગ્રાફી ટેસ્ટને મંજૂરી આપી છે. આ પછી તેની તપાસ કરવામાં આવશે અને તેના નિવેદનમાં કેટલી સત્યતા છે તે જાણવા મળશે. આરોપી સંજય રોયની સાસુ કહે છે, "તેના અને મારા વચ્ચે ખૂબ જ વણસેલા સંબંધો હતા. તેમના લગ્નને 2 વર્ષ થયા હતા. મારી પુત્રી સાથેના આ તેના બીજા લગ્ન હતા. શરૂઆતમાં 6 મહિના સુધી બધુ બરાબર હતું. જ્યારે તે 3 વર્ષની હતી. મહિનાની, જ્યારે તે ગર્ભવતી હતી, ત્યારે તેણે ગર્ભપાત કરાવ્યો હતો."તેણે કહ્યું, "તે (સંજય રોયે) તેને (મારી પુત્રી)ને માર માર્યો હતો, આ મામલે પોલીસમાં ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી. આ પછી મારી પુત્રી બીમાર પડવા લાગી, તેની દવાઓનો તમામ ખર્ચ મેં ઉઠાવ્યો... સંજય ન હતો. તેને ફાંસી આપો અથવા તે જે ઈચ્છે તે કરો, તેની પાસે તે એકલા કરવાની ક્ષમતા નથી.

દર્દીઓની સ્થિતિ અત્યંત દયનીય બની

# બી.જે. મેડિકલ કોલેજમાં સતત પાંચમા દિવસે ડોક્ટર્સની હડતાળ

## બીજી તરફ રેસિડેન્ટ્સ પણ હવે કોલકાતાની ઘટના બાદ સલામતી બાબતે કોઈપણ પ્રકારની બાંધછોડના મૂડમાં જણાતા નથી

અમદાવાદ,તા.૨૦

કોલકાતામાં ટ્રેઈની મહિલા ડૉક્ટરની રેપ બાદ જઘન્ય હત્યાથી સમગ્ર દેશ હચમચી ગયો છે. દેશભરના રેસિડેન્ટ્સ તબીબે આ મહિલા ડૉક્ટરના પરિજનોને ન્યાય અપાવવા હડતાળ પર ઉતર્યા છે. ત્યારે રેસિડેન્ટ્સની હડતાળને પગલે અનેક દર્દીઓ રઝળ્યા છે. સમયસર સારવાર ન મળતા ભારે હાલાકી વેઠી રહ્યા છે. સતત ૫માં દિવસે અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજના રેસિડેન્ટસ ઓપીડી અને ઈમરજન્સી સેવાઓથી અળગા રહ્યા. ડૉક્ટર્સ માટે સેન્ટ્રલ પ્રોટેક્શન એક્ટ બનાવવાની માગ સાથે આ રેસિડેન્ટ્સ હડતાળ કરી રહ્યા છે. એવામાં હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે પરંતુ તેમને સારવાર મળી રહી નથી. જેના કારણે દર્દીઓની હાલત સતત કફોડી બની રહી છે.

જુનિયર ડોક્ટર એસોસિએશન દ્વારા વિરોધ સામે સરકારે હજુ મૌન ધર્યું છે. હજી સુધી કોઈ પણ નિવેદન સરકાર તરફથી સામે નથી આવ્યું. ત્યારે, સવાલ ઉઠે છે કે ક્યા સુધી હજારો દર્દીઓને આમ જ હાલાકી ભોગવવી પડશે? હડતાળ સમેટાશે કે હજી ઉગ્ર બનશે? આ બાબતે દર્દીઓ પણ નારજગી દર્શાવી રહ્યા છે.

તબીબોની હડતાળ સતત ખેંચાઈ રહી છે દર્દીઓ પરેશાન થઈ રહ્યા છે હડતાળ પર રહેલા જૂનીયર ડૉક્ટર્સનું કહેવું છે કે જેવી રીતે ડૉક્ટર્સ સામે હુમલાઓ થઈ રહ્યા છે. જેવી રીતે ડૉક્ટર્સને નિશાન બનાવવામાં આવી રહ્યા છે તેનાથી ડૉક્ટર્સમાં આક્રોશ છે. ડૉક્ટર્સની સુરક્ષા ખુબ જ જરૂરી છે. ડૉક્ટર્સ પર થતા હુમલાઓ જરૂરથી અટકવા જોઈએ. પરંતુ હડતાળથી દર્દીઓને જ હાલાકી પડે છે. આ વાત પણ સમજવી પડશે. બુધવારથી હડતાળ સમાપ્ત થાય તેવી શકયતા છે. જે બાદ દર્દીઓને રાહત મળી શકે છે.

હાથરસ-ઉન્નાવ કેસની તપાસ કરનાર

# CBI અધિકારી કોલકાતા બળાત્કાર અને હત્યા કેસની તપાસ કરશે

## ઝારખંડના ૧૯૯૪ બેચના આઈપીએસ અધિકારી સંપત મીણાએ હાથરસ અને ઉન્નાવ રેપ કેસની પણ તપાસ કરી હતી

નવી દિલ્હી, તા.૨૦

કોલકાતામાં ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર અને હત્યાનો મામલો ચર્ચામાં છે. આ કેસની તપાસ સીબીઆઈની બે ટોચની મહિલા અધિકારીઓને સોંપવામાં આવી છે. આ મહિલા અધિકારીએ અગાઉ હાથરસ રેપ-મર્ડર કેસ અને ઉન્નાવ રેપ કેસની પણ તપાસ કરી હતી.ઝારખંડના ૧૯૯૪ બેચના IPS અધિકારી સંપત મીણાએ હાથરસ અને ઉન્નાવ રેપ કેસની પણ તપાસ કરી હતી. તેમની સાથે સીમા પાહુજા પણ કોલકાતા કેસની તપાસ કરશે. હાથરસ કેસમાં સીમાએ સંપત મીણા સાથે નજીકથી કામ કર્યું હતું.એડિશનલ ડાયરેક્ટર સંપત મીણા ૨૫ અધિકારીઓની ટીમનો હવાલો સંભાળી રહ્યા છે. તે આ કેસની દેખરેખ રાખશે અને સીમા પાહુજા ગ્રાઉન્ડ લેવલ તપાસ કરશે. પહુજાને ૨૦૦૭ અને ૨૦૧૮ વચ્ચેના તેમના ઉત્કૃષ્ટ કામ માટે બે વખત ગોલ્ડ મેડલ મળ્યો છે. થોડા વર્ષો પહેલા, હિમાચલ પ્રદેશમાં ધોરણ ૧૦ની વિદ્યાર્થીની સાથે બળાત્કાર અને હત્યા કેસમાં તેને સજા મળી હતી.ભાજપના નેતા કુલદીપ સિંહ સેંગરને ૨૦૧૭ના ઉન્નાવ બળાત્કાર કેસમાં સુપ્રીમ કોર્ટે દોષિત ઠેરવ્યા હતા. ૨૦૧૯ માં, સેંગરને દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. સેંગર ૧૭ વર્ષની સગીર સાથે બળાત્કારનો દોષી છે.તે જ સમયે, ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૦ ના રોજ હાથરસના બુલગઢીમાં એક દલિત છોકરી સાથે સામૂહિક બળાત્કારની ઘટના બની હતી. આ બાળકીને સારવાર માટે દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ આ જ હોસ્પિટલમાં સારવાર દરમિયાન યુવતીનું મોત થયું હતું. પીડિતાના પરિવારનો આરોપ છે કે તેમની ઈચ્છા વિરુદ્ધ ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૦ની રાત્રે યુપી પોલીસ અને પ્રશાસને બાળકીના અંતિમ સંસ્કાર કર્યા અને મૃતદેહને સળગાવી દીધો.

અમદાવાદમાં ટૂંક સમયમાં ટ્રાયલ રન થશે

# ગુજરાતમાં દોડશે દેશની પહેલી વંદે ભારત મેટ્રો

## વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો ચલાવ્યા બાદ રેલવે હવે વંદે ભારત મેટ્રોનું સંચાલન શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે

અમદાવાદ,તા.૨૦

વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો ચલાવ્યા બાદ રેલવે હવે વંદે ભારત મેટ્રોનું સંચાલન શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. દેશની પ્રથમ વંદે ભારત મેટ્રો ગુજરાતમાં દોડશે. આ માટે વંદે ભારત મેટ્રો અમદાવાદના સાબરમતી સ્ટેશન પર પહોંચી ગઈ છે. પશ્ચિમ રેલવેના મુખ્ય પ્રવક્તા જે.કે.જયંતના જણાવ્યા અનુસાર મેટ્રોની ટ્રાયલ આગામી થોડા દિવસોમાં શરૂ થશે. પ્રથમ વંદે ભારત મેટ્રોને પશ્ચિમ રેલવે દ્વારા વડોદરાથી અમદાવાદ સુધી દોડાવી શકાય છે, કારણ કે તાજેતરમાં રેલવેએ અમદાવાદથી મુંબઈના રૂટને ખૂબ જ અદ્યતન બનાવ્યો છે. જયંતે જણાવ્યું હતું કે રૂટ અંગેનો નિર્ણય આગામી દિવસોમાં લેવામાં આવશે, પરંતુ ઉમેર્યું હતું કે વંદે ભારત મેટ્રો ટ્રેનના સંચાલનથી દૈનિક મુસાફરોનો સમય બચશે. આ ખાસ કરીને રોજિંદા મુસાફરોની સુવિધા માટે બનાવવામાં આવી છે.



પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના સિનિયર પીઆરઓ જે.કે.જયંતે વંદે ભારત મેટ્રો સાબરમતી સ્ટેશને પહોંચવાની માહિતી શેર કરી હતી. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન મુજબ રેલવે લોકોને ઓછા સમયમાં આર્થિક અને સુરક્ષિત મુસાફરી પૂરી પાડવા તરફ આગળ વધી રહી છે. જયંતે કહ્યું કે વંદે ભારત મેટ્રોની ટ્રાયલ રન આગામી થોડા દિવસોમાં શરૂ કરવામાં આવશે. આ પછી તે બે મોટા શહેરો વચ્ચે દોડશે. જો કે જયંતે એ નથી જણાવ્યું કે વંદે ભારત મેટ્રો કેટલા શહેરો વચ્ચે ચાલશે, પરંતુ સૂત્રોનું કહેવું છે કે વંદે ભારત મેટ્રોના પ્રથમ રૂટ માટે વડોદરાથી અમદાવાદ સૌથી યોગ્ય છે કારણ કે આ રૂટ પર રોજિંદા મુસાફરોની સંખ્યા સૌથી વધુ છે. તે વંદે ભારત મેટ્રો ચલાવે છે. જેથી વડોદરા, નડિયાદ, આણંદના હજારો લોકોને લાભ મળશે.વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની જેમ મેટ્રો પણ થોડીક સેકન્ડમાં ૧૦૦ કિમીની ઝડપે પહોંચી જશે. હાલની વંદે ભારત એક્સપ્રેસને શૂન્યથી ૧૦૦ કિમીની ઝડપે પહોંચવામાં ૫૨ સેકન્ડનો સમય લાગે છે, પરંતુ વંદે ભારત મેટ્રોને એવી રીતે ડિઝાઈન કરવામાં આવી છે કે તે ૪૫ થી ૪૭ સેકન્ડમાં શૂન્યથી ૧૦૦ કિમીની ઝડપે પહોંચી શકે છે. રેલ્વેએ મેટ્રોની મહત્તમ સ્પીડ હાલની વંદે ભારત એક્સપ્રેસ કરતા ઓછી રાખી છે. હાલમાં તેની સ્પીડ ૧૮૦ કિમી પ્રતિ કલાક છે. વંદે ભારત મેટ્રોની સ્પીડ ૧૩૦ કિમી છે. પ્રતિ કલાક. ગયા વર્ષે તત્કાલિન રેલ્વે રાજ્ય મંત્રી દર્શના જર્દોષે વંદે ભારત મેટ્રો ચલાવવા અંગે અપડેટ આપી હતી.

# ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી

## હવામાન વિભાગના મતે, પવનની દિશા બદલાતા ગરમી વધી છે

અમદાવાદ,તા.૨૦


હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદને લઈ આગાહી કરવામાં આવી છે. ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, એક સપ્તાહના વિરામ બાદ ફરી મન મૂકીને મેઘરાજા વરસશે. આવતીકાલે નવસારી અને વલસાડ જિલ્લામાં ભારે વરસાદ પડવાની આગાહી કરાઈ છે. ૨૫ ઓગસ્ટના સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદ પડવાની આગાહી કરાઈ છે. જ્યારે ૨૬ ઓગસ્ટે ભાવનગર, સુરત અને ભરૂચ જિલ્લામાં ભારે વરસાદ પડવાની આગાહી કરાઈ છે. ગુજરાતમાં અત્યાર સુધી સીઝનનો ૭૩ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. હાલ ગુજરાતમાં ગરમી પણ પડી રહી છે. હવામાન વિભાગના મતે, પવનની દિશા બદલાતા ગરમી વધી છે. હવામાન વિભાગે આવતીકાલે રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરી છે.

# ગોંડલ નજીક બે કાર વચ્ચે સર્જાઈ અકસ્માતની ગોઝારી ઘટના

ગોંડલ,તા.૨૦

પોરબંદર નેશનલ હાઈવે પર ગોંડલ નજીક વહેલી સવારે બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સ્વિફ્ટ કાર રાજકોટથી ધોરાજી તરફ જતી હતી, તે દરમિયાન સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવતા ડિવાઈડર ઠેકી સામેથી આવતી બોલેરો કાર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ગોંડલના ૨ યુવાનો અને ધોરાજીના ૨ યુવાનોના ઘટનાસ્થળે મોત નિપજ્યાં હતા. સમગ્ર બનાવને લઈને એમ્બ્યુલન્સ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે સિક્સ લેન બનવા જઈ રહ્યો છે. સામાન્ય વરસાદમાં હાઈવે ધોવાઈ જતા અનેક નાના-મોટા ખાડા પડ્યા છે. જેને લઈ અનેક અકસ્માત થઈ રહ્યા છે. આજે ગોંડલ નજીક નેશનલ હાઈવે પર સ્વિફ્ટ કાર GJ-૦૩-LG_૫૧૧૯ રાજકોટથી ધોરાજી તરફ જઈ રહી હતી, ત્યારે વહેલી સવારે પોણા ચાર આસપાસ સ્વીફ્ટ કારચાલકે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. કાર ડિવાઈડર ઠેકી ગોંડલની સાંઢિયા પુલ ચોકડીથી ગુંદાળા ચોકડી તરફ જતી બોલેરો કાર GJ-૦૩-ML-૨૪૪૪ સાથે અથડાતા બોલેરો અને સ્વીફ્ટ કાર પલટી ગઈ હતી. આ બનાવને લઈને ક્ષત્રિય સમાજના આગેવાનો સહિત મિત્રો અને પરિજનો સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા છે. સ્વિફ્ટ કારમાં સવાર સિદ્ધાર્થ કિશોરભાઈ કાચા અને વિરેન દેશુરભાઈ કરમટા ધોરાજીના હતા. હાલ તેમના પરિવારની શોધખોળ પોલીસે હાથ ધરી છે.

# અમરેલી : પુસ્તક પરબનાં પ્રણેતા સ્વ. ડો પ્રતાપભાઈ પંડયાની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે લોકસાહિત્ય સેતુ દ્વારા ચતુર્વિધ કાર્યક્રમો યોજાયા



અમરેલી જિલ્લાનું ગૌરવ, અડતાળા–અમરેલીનાં પનોતા પુત્ર, આજીવન ઉમદા શિક્ષક, અનેક જરૂરીયાતમંદ વ્યક્તિઓ અને સંસ્થાઓના રાહબર અને દાતા તેમજ સમગ્ર વિશ્વમાં ૪૦૦ જેટલા પુસ્તકાલયોના સર્જક, પુસ્તક પરબના પ્રણેતા એવા સ્વ.શ્રી ડો. પ્રતાપભાઈ પંડયા ની ચતુર્થ પુણ્યતિથિ નિમિતે લોકસાહિત્ય સેતુ પરિવાર દ્વારા તેમને સ્મરણાંજલિ આપવા માટે ચતુર્વિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.પૂ.મોરારીબાપુના આશીર્વાદથી આજથી ૧૦ (દસ) વર્ષ પહેલા મહેન્દ્રભાઈ જોષી ના પ્રમુખ પદે સ્થપાયેલી લોકસાહિત્ય સેતુ સંસ્થા ને ડો. પ્રતાપભાઈ પંડયાની કાયમી હૂંફ રહી છે. તેઓના જીવન દરમિયાન તેઓ સતત સંસ્થાની સાથે જોડાયેલા રહ્યાંહતા. તેઓ દેશમાં હોય કે વિદેશમાં તેઓ દ્વારા હંમેશા સંસ્થાના વિકાસમાં માર્ગદર્શનરૂપી અને જરૂર પડે ત્યારે આર્થિક યોગદાન દ્વારા સંસ્થાની ખેવના કરી છે. આજે તેમના પત્નિ રમાબેન પંડયા અને તેમના અમેરિકા સ્થિત પુત્રી કુ.ચિ. મનિષાબહેન પંડયા પણ સ્વ.ડો. પ્રતાપભાઈ પંડયાએ કંડારેલી કેડી ઉપર ચાલીને આ સંસ્થાને તેમજ અન્ય સંસ્થાઓને કાયમી મદદરૂપ બનવાના તમામ પ્રયાસો કરે છે. સ્વ.ડો. પ્રતાપભાઈ પંડયાએ સમગ્ર વિશ્વના અલગ અલગ દેશોમાં પુસ્તક પરબ ની સ્થાપનાઓ કરીને ગુજરાતી ભાષાના સંવર્ધનમાં મોટું યોગદાન આપ્યું છે અને વાંચે ગુજરાતના સરકારી નારાને સમગ્ર વિશ્વમાં ગુંજતો કર્યો છે. તેમના હયાતીમાં જ અંદાજે ૪ ચાર કરોડ રૂપિયાના પુસ્તકો ખરીદીને ખોલવામાં આવેલા પુસ્તક પરબના કેન્દ્રોમાં તેઓએ જાતેજ પહોંચાડયા છે. જેનો લાભ વિશ્વમા વસતા અનેક ગુજરાતી પરિવારો આજે પણ લઈ રહ્યાંછે.અનેક સામાજિક સંસ્થાઓ જોડે તેઓ જીવન પર્યંત જોડાયેલા રહ્યાં હતા અને કરોડો રૂપિયાનુ યોગદાન પણ આપતા રહ્યાં હતા. લોકસાહિત્ય સેતુ ની સ્થાપના ને દસ વર્ષ થયા. આ સંસ્થા સ્થાપવા પાછળનો હેતુ ખાસ કરીને એવા લોકોને શોધવાનો હતો કે જે લોકો પાસે કલા હોય પરંતુ યોગ્ય સ્ટેજના મળવાને કારણે તેઓ તેની કલાને બહાર નહોતા લાવી શકતા. આવા અનેક ભજનિક, લોકગાયકો, સાહિત્યકારો ને છેલ્લા ૧૦ વર્ષથી લોકસાહિત્ય સેતુએ સ્ટેજ આપ્યું છે અને અનેક કલાકારો બહાર આવ્યા છે જે લોકો આજે તેમની કલાકારીને કારણે તેમની રોજી રોટી પૂંરતુ કમાવા પણ લાગ્યાછે. એ રીતે સંસ્થાનો હેતુ પણ પાર પડયો છે. લોકસાહિત્ય સેતુ દ્વારા અનેકવિધ પ્રૃતિઓ કરવાં આવે છે. દર મહિનાના ત્રીજા રવિવારે અચૂક બાલભવન સંગીત હોલમા યોજાતા કાર્યક્રમમાં સંસ્થા દ્વારા સાચા સમાજસેવીનું સન્માન કરવામાં આવે છે. જે અન્વયે આજની બેઠકમાં અમરેલીના ઉમદા તબીબ, સમાજ સેવી અને સાચા અર્થમાં સમાજ રત્ન ડો.ભરતભાઈ કાનાબારનુ ડો.જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ, બાલભવન, લોકસાહિત્ય સેતુ પરિવાર, સાહિત્ય સર્જક પરિવારસહિત વિવિધ સંસ્થાઓ દ્વારા ભવ્ય અને દિવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. ડો. ભરતભાઈ કાનાબાર રાજકારણી ઓછા પણ એક ઉમદા સમાજસેવી હોવાના કારણે અમરેલીની જનતાને હંમેશા મદદરૂપ બન્યાછે. એવા અનેક દાખલાઓ છે કે, જયારે સમાજનો પેચીદો પ્રશ્ન આવે ત્યારે ડો.કાનાબાર રાજકારણને એક બાજુ મુકી દે છે પછી ભલે તેમની જ સરકાર સામે બાથ ભીડવી પડે. આવા ઉમદા વ્યક્ત્વિનું સન્માન કરીને ઉપસ્થિત લોકોએ શુભકામના પાઠવી હતી. આ તકે જિલ્લા માધ્યમિક સંધના મહામંત્રી, શિક્ષણવિદ મુકુંદભાઈ મહેતાની રાજય સરકાર દ્વારા ફી નિર્ધારણ સમિતિ–રાજકોટ ઝોનમાં સદસ્ય તરિકે નિયુક્તિ થતા તેમજ જિલ્લામાં સરકારી ફાર્માષ્ટિ તરીકેની ઉમદા સેવા બજાવતા જિજ્ઞેષભાઈ જોષી નું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. લોકસાહિત્યસેતુ પરિવાર સાથે હૃદયથી જોડાયેલા અને બે દિવસ પહેલા જ આકસ્મિક અવસાન પામેલા યુવાન, બાહોંશ, મુલ્યનિષ્ઠ અને સાચા અર્થમાં કર્મયોગી જિલ્લા ટ્રેઝરી ઓફીસર તરીકે અમરેલીમાં છેલ્લા બે વર્ષથી નિષ્કલંક સેવા બજાવતા સ્વ. જયેશભાઈ ખાચરની સેવાઓની નોંધ લઈને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. અમરેલીમાં આવ્યા પછી તેઓ દ્વારા ૧૫,૦૦૦ પંદર હજાર જેટલા કર્મચારીઓ, પેન્શનરોના પ્રશ્નો હલ કરીને સમગ્ર કર્મચારી જમાતમાં લોકચાહના મેળવી હતી. ઉપસ્થિત સંસ્થાના પદાધિકારીઓ દ્વારા તેમના કાર્યોને યાદ કરીને સ્મરણાંજલિ આપી હતી. ભારત દેશના આઝાદી ના ૭૮ માં વર્ષ નિમિતે કલાકારો દ્વારા દેશભક્તિના ગીતો રજુ કરીને સ્વાતંત્ર્યપર્વની ઉજવણી કરવામાં આવી હતી. તેમજ સ્વ.ડો. પ્રતાપભાઈ પંડયા તેમજ સ્વ. જયેશભાઈ ખાચરને દેશભક્તિના ગીતો દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. નારણભાઈ ડોબરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. આ ચતુર્વિધ કાર્યક્રમમાં સમાજરત્ન ડો.ભરતભાઈ કાનાબાર, ડો.જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટ, મુકુંદભાઈ મહેતા, પરેશભાઈ મહેતા તેમજ અન્ય વકતાઓ દ્વારા સ્વ.ડો.પ્રતાપભાઈ પંડયા તેમજ સ્વ. જયેશભાઈ ખાચરના કાર્યોને યાદ કરીને સ્મરણાંજલિ અર્પિત કરી હતી. આ તકે મોટાભાઈ સંવટ દ્વારા ડો.ભરતભાઈ કાનાબારની જાણી અજાણી વાતો કરીને ઉપસ્થિત લોકોને વિસ્તૃત જાણ કારી આપીને તેમના ઉમદા વ્યક્ત્વિનો પરિચય આપ્યો હતો.આ ચતુર્વિધ કાર્યક્રમમાં કલાકારો સર્વ બિનાબહેન શુકલ, વિનુભાઈ ભરખડા (વોઈસઓફ મુકેશ)– બગસરા, પરેશભાઈ, રમેશભાઈ જાદવ, સંગીત પ્રાધ્યાપક ભરતભાઈઅગ્રાવત, કેવીનભાઈ રોકડ, અરવિંદભાઈ દવે સહિતના કલાકારોએ કલા પીરસીને શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. આ પ્રસંગે સર્વ અશ્વિનભાઈ ત્રિવેદી, સંસ્થાના ઉપપ્રમુખ ગોવિંદભાઈ ગોંડલિયા, સંસ્થાના મંત્રી ગોરધનભાઈ સુરાણી, સંસ્થાના ખજાનચી હસુભાઈ જોષી, સાહિત્યસર્જકપરિવારના પરેશભાઈ મહેતા, મહેન્દ્રભાઈ શુકલ, વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા પ્રમુખ ઈતેશભાઈ મહેતા સહિત લોકસાહિત્ય સેતુપરિવારના બહેનો સહિત વિશાળ સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ સંસ્થાના મંત્રી ગોરધનભાઈ સુરાણી દ્વારા કરવામાં આવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારમાં

હતી.જેનેકારણેખેડૂતોમાખુશીનોમાહોલ ઉભો થવા પામેલ છે.

જાફરાબાદ તથા જાફરાબાદના લોર, ફાચરીયા, હેમાળ, માણસા, એભલવડ, પીછડી સહિતના ગામમો થોડા દિવસના વિરામ બાદ ફરી વરસાદનુ આગમન થતા ખેડૂતોમા ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

રાજુલા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં થોડા દિવસના વિરામ બાદ મેઘરાજાની એન્ટ્રી થઈ હતી. જયારે રાજુલાના મોરંગી, માંડરડી, આગરીયા, ધારેર સહિત ગામોમાં વરસાદ પડયો હતો. અસહ્ય ગરમી બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. લાંબા વિરામ બાદ વરસાદ વરસતા ખેતીના મગફળી, કપાસના પાકને જીવનદાન મળ્યું હતું.

ધારી ગીરના ચલાલા, રાજસ્થળી, ડુંગરી ઈંગોરાળા, જર, મોરઝર, કરમદડી, ખિસરી સહિતના ગામમાં પણ વરસાદ વરસતા વાતાવરણ ઠંડક પ્રસરી જવા પામી હતી.

સાવરકુંડલા પંથકમાં લાંબા દિવસોના વિરામ બાદ મેઘરાજાની પધરામણી થવા પામી હતી. સાવરકુંડલા શહેરમાં વરસાદી ઝાપટા પડયા હતાં. જયારે સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારો મોટા ઝીંઝુડા, નાના ઝીંઝુડા, પીઠવડી, પીયાવા, બાઢડા, વિજયાનગર, જાબાળ, આંબરડી, સેંજળ, પીઠવડી, પીયાવા, જીંજુડા સહિતના ગામમાં વરસાદ પડતાં ગામડાઓમાં ખેતરો પાણીમાં તરબતર થયા હતાં.

અમરેલી ફલડકંટ્રોલ રૂમ ખાતે સાંજના આઠ વાગ્યા સુધીમાં અમરેલીમાં ૧૫ મી.મી., લાઠીમાં ૧૨ મી.મી., લીલીયામાં ૪૨ મી.મી., રાજુલામાં ૨૦ મી.મી., બગસરામાં ૨ મી.મી., ધારીમાં ૩ મી.મી., સાવરકુંડલામાં ૪ મી.મી., ખાંભામાં ૫ મી.મી. વરસાદ નોંધાયો હતો.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૯૩૦ | ૧૨૧૪ |
| ૨ | શિંગાદાણા ફાડા | ૧૦૫૦ | ૧૪૯૦ |
| ૩ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૫૩૯ |
| ૪ | તલ કાળા | ૨૭૦૦ | ૩૪૮૨ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૩૬૫ | ૩૩૮૫ |
| ૬ | બાજરો | ૪૨૧ | ૫૧૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૧૩ |
| ૮ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૯૧ |
| ૯ | મગ | ૧૨૭૦ | ૧૫૩૬ |
| ૧૦ | ચણા | ૧૧૮૦ | ૧૫૦૭ |
| ૧૧ | તુવેર | ૧૪૦૫ | ૧૮૩૫ |
| ૧૨ | કપાસ | ૯૭૦ | ૧૫૬૭ |
| ૧૩ | એરંડા | ૧૦૨૦ | ૧૧૬૮ |
| ૧૪ | જીરૂ | ૨૯૦૦ | ૪૫૩૦ |
| ૧૫ | રાયડો | ૯૮૫ | ૯૮૫ |
| ૧૬ | ધાણા | ૧૦૨૫ | ૧૨૪૫ |
| ૧૭ | સોયાબીન | ૮૦૨ | ૮૧૧ |
| ૧૮ | વરીયાળી | ૯૨૦ | ૯૨૦ |

## બગસરા: વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૨૦

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૨૩–૮–૨૦૨૪ને શુક્રવારના રોજ બ્રહ્મલીન પ.પુ.છગનભગત (રામદેવપીર મંદિર બગસરા)ની બારમી વાર્ષિક પુણ્યતિથી પ્રસંગે, વસાણી પરિવાર બગસરા સૌજન્યથી ૬૦૨ મો વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ રણછોડદાસજી બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં મોતિયાના ઓપરેશનની જરૂરીયાતાવાળા દર્દીઓની વિનામૂલ્યે ઓપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામાં આવશે.

ઓપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયછઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામાં આવશે.

કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા. ૨૩–૮–૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમાં જણાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૭૫ | ૧૫૫૫ |
| ૨ | જીરૂ | ૪૦૩૫ | ૪૬૭૫ |
| ૩ | ઘઉં | ૪૮૧ | ૫૩૯ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી | ૯૬૧ | ૧૧૬૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૮૦ | ૧૧૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૨૨ |
| ૪ | તલ કાળા | – | ૩૧૧૫ |
| ૫ | જીરૂ | ૪૩૦૦ | ૪૭૫૧ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૫૭૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૨૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૬૦૧ |
| ૯ | બાજરો | ૪૩૪ | ૪૬૯ |
| ૧૦ | જુવાર | ૭૨૭ | – |
| ૧૧ | મગ | ૧૪૫૧ | ૧૫૩૬ |
| ૧૨ | ચણા | ૧૨૦૦ | ૧૪૦૦ |

## બાબરામાં વી.એલ. ગેલાણી વિદ્યાલયમાં રક્ષાબંધનના પર્વની ઉજવણી કરાઈ

અમરેલી, તા.૨૦

બાબરમાં વી.એલ. વિદ્યાલયમાં રક્ષાબંધનના પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. અહી તમામ વિદ્યાર્થી બહેનો એ પોતાની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈઓને રાખડી બાંધી આશિર્વાદ આપ્યા હતા. વી.એલ.ગેલાણી વિદ્યાલયના ટ્રસ્ટી કાળુભાઈ ગેલાણી દ્વારા રક્ષાબંધનના પર્વ વિશે વિદ્યાર્થીઓને સમજણ આપી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૦૦ | ૫૪૫ |
| ૨ | ચણા | ૧૩૪૨ | ૧૪૦૫ |
| ૩ | ધાણા | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ૪ | એરંડા | ૧૧૨૦ | ૧૧૨૦ |
| ૫ | સોયાબીન | ૭૮૧ | ૭૮૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૨ | ચણા | ૧૩૪૫ | ૧૪૮૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૪ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૮૮ | ૫૫૨ |
| ૫ | સોયાબીન | ૭૩૧ | ૭૬૨ |
| ૬ | તલ સફેદ | ૧૫૪૦ | ૨૩૯૫ |
| ૭ | તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૮ | અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૯ | મગફળી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૦ | ધાણા | ૧૦૩૫ | ૧૧૨૫ |
| ૧૧ | મગ | ૧૫૨૨ | ૧૫૨૨ |
| ૧૨ | જુવાર | ૭૨૦ | ૭૨૦ |
| ૧૩ | રાયડો | ૭૫૫ | ૭૫૫ |
| ૧૪ | ઈસબગુલ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૫ | ચણા સફેદ | ૧૧૨૫ | ૧૪૦૫ |


## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે અમરેલી ગામે વરસડા રોડ રસ્તે આવેલ સ.નં.૧૪૮ પૈકીથી નોંધાયેલ જમીનમાં આવેલ "ગીરધરનગર" નામના વિસ્તારમાં આવેલ સબ પ્લોટ નં. ૩૫/૧ ની જમીન ચો.મી. ૬૪–૨૦ વાળી મિલ્કત બાબતે હાલના ધારણકર્તા નરેશભાઈ ચુનીભાઈ ગેડીયાએ સદરહું મિલ્કત ઉપર એસ.બી.આઈ. અમરેલીમાંથી લોન/ ધિરાણ/ મોર્ગેજ કરવા માંગતા હોય, અમારા પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માંગતા હોય, તેઓએ અમારી સમક્ષ એવી રજૂઆત કરેલ છે કે સદરહું મિલ્કત હાલ નરેશભાઈ ચુનીભાઈ ગેડીયાના કબજા, ભોગવટા તેમજ માલીકીની આવેલ છે. પરંતુ સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ તપાસતા નીચે મુજબના દસ્તાવેજી લેખોમાં સબંધીત કુલમુખતયારનામા અથવા તેની નકલ મળી આવતી નથી અને ગેરવલ્લે થયેલ છે તેવી રજૂઆત હાલના માલીક નરેશભાઈ ચુનીભાઈ ગેડીયા તરફથી અમારા સમક્ષ કરવામાં આવેલ છે.

**(૧) શ્રી મનીષભાઈ લલીતકુમાર ઠક્કરના કુલ મુખત્યાર શ્રી ધીરૂભાઈ મોહનભાઈ સિધ્ધપુરાએ તા. ૨૬/૧૨/૧૯૯૫ ના દસ્તાવેજ નં.૨૭૩૩ માં કરી આપેલ લેખ સબંધેનું કુલમુખત્યારનામું**

**(૨) શ્રી શારદાબેન મનરૂપગીરી ગોસાઈના કુલમુખત્યાર શ્રી રતિલાલ બાવાભાઈ માતરીયાએ તા.૧૬/૦૪/૨૦૦૨ ના દસ્તાવેજ નં. ૧૦૩૦માં કરી આપેલ લેખ સબંધેનું કુલમુખત્યારનામું**

સબબ ઉપરોકત લેખ સબંધે તથા કુલ મુખત્યારનામા અવન્યે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઈપણ ભાગ અન્વયે કોઈપણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યકિતનો કે કોઈપણનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ–૭માં અમો નીચે સહી કરનાર પાસે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહિ અને હોય તો તે સ્વૈચ્છાએ જતા (વેવ) કરેલ છે. તેમ માની અમો સદરહું મિલ્કતનું વિશેષ અભિપ્રાય સાથે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ એસ.બી.આઈ બેંક અમરેલી તરફે આપવામાં આવશે. ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર એસ.બી.આઈ. બેંક અમરેલી ને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

**દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા**
**– એડવોકેટ**
**ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩,**
**સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી**
**મોબાઈલ – ૯૮૨૫૫ ૨૭૧૦૧**


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ


| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૪૦ |
| ૨ | કપાસ | ૯૪૫ | ૧૫૨૧ |
| ૩ | બાજરો | ૪૯૦ | ૫૨૬ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૬૮ |
| ૫ | જુવાર | ૪૫૧ | ૮૧૫ |
| ૬ | ચણા | ૧૦૦૧ | ૧૨૮૬ |
| ૭ | જીરૂ | ૪૩૦૦ | ૪૫૦૦ |
| ૮ | સોયાબીન | ૮૧૧ | ૮૧૧ |

# બક્ષીપુર ખાતે લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી) દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



લાયન્સક્લબઓફઅમરેલી (સીટી) તથા બક્ષીપુર પ્રાથમિકશાળાના સંયુક્તઉપક્રમે તા. ૧૫/૮/૨૦૨૪ના રોજ સ્વાતંત્ર્ય પર્વ બક્ષીપુર પ્રાથમિકશાળામાં ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ગર્વભેર ઉજવણી કરવામાં આવેલ હતી. 'હરઘર તિરંગા' અભિયાનને કારણે સ્વતંત્રતા પર્વ અને દેશભક્તિનો માહોલ બેવડાયો છે. લાયન્સ ક્લબઓફઅમરેલી (સીટી)ના પૂર્વપ્રમુખ લાયન એમ. એમ. પટેલના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવેલું હતું અને પ્રાસંગિક ઉદબોધન કરી સ્વાતંત્ર્ય પર્વની શુભકામનાઓ પાઠવી હતી. રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરેલ હતા. સ્વતંત્રતા પર્વની ઉજવણીમાં લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)ના લાયન જીતુભાઈ પાથર, લાયન ભગવાનભાઈ કાબરીયા, એસ.એમ. સી. ના અધ્યક્ષ સંગીતાબેન ઈટોલીયા તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહેલા હતા. આભારવિધિ બક્ષીપુર પ્રાથમિક શાળાના આચાર્ય અશોકભાઈ અમરેલીયાએ કરેલ હતી. કાર્યક્રમનું સફળ સંચાલન વૈશાલીબેન ઠાકર દ્વારા કરવામાં આવેલ હતું. સ્વતંત્રતા પર્વને સફળ બનાવવા બક્ષીપુર પ્રાથમિકશાળાના શિક્ષકાબહેનોમાં હિરલબેન હિંગુ, રેખાબેન એચ.ગોસાઈ, દક્ષાબેન આર. હુંમર, વૈશાલીબેન કે.ઠાકર, સંગીતાબેન વગેરેએ જહેમત ઉઠાવેલ હતી તેમ લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ લાયન મનોજભાઈ કાનાણી જણાવે છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને હરિબા મહિલા કોલેજ ખાતે ૧૫ મી ઓગસ્ટ પર્વની ઉજવણી



શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને હરિબા મહિલા કોલેજ ખાતે ૭૮ માં સ્વાતંત્ર દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. એકસ આર્મીમેન નાગરાજસિંહ રાઠોડના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યુંહતું. અને બાળકો દ્વારા રાષ્ટ્રગાન સાથે નારા બોલાવવામાં આવ્યા હતા. ત્યારબાદ હરિબા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા દેશભકિત ગીત, અભિનયગીત અને સંસ્કૃત શકિતના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. અને શાળાના વિદ્યાર્થીનીઓ એ દેશપ્રેમની સરસમજાની કૃતિ નિહાળી હતી. સંસ્થાના વડા પુ.ડો.રતિદાદાએ દેશ પ્રત્યે પોતાની નિષ્ઠા તથા રાષ્ટ્રપ્રેમ વિષે બાળકોને ઉદબોધન આપ્યું હતું.અંતમાં શાળા અને કોલેજના ડાયરેકટર મહેશભાઈ મહેતાએ આભાર વિધિ કરી મો મીઠા કરાવી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય મહેશભાઈ મહેતા તથા શાળાના અને કોલેજના સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## ભૂરખિયા હનુમાનજી મંદિરે આજે નેત્ર નિદાન કેમ્પ યોજાશે



લાઠી, તા. ૨૦

લાઠી તાલુકાના ભુરખિયા હનુમાનજી મંદિરે તા. ૨૧-૦૮-૨૪ ને બુધવારે સવારના ૮ થી ૧૨ વાગ્યા સુધી રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભુરખીયા હનુમાનજી ચેરીટેબલ ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુકત ઉપક્રમે ૭૭ મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે. જરૂરિયાત વાળા દર્દીઓને રાહત ભાવે નંબરના ચશ્મા આપવામાં આવશે. તેમજ મોતિયાના દર્દીઓને વિનામૂલ્યે ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા અને આવનાર દર્દીઓને વિનામૂલ્યે ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા અને આવનાર દર્દીઓએ આધાર - પુરાવા સાથે સમયસર પહોંચી જવા આયોજકોએ જણાવેલ છે.

## સાવરકુંડલા : મુનીરબાપુ એ ત્રણ વ્યકિતઓને વ્યસન મૂકત કર્યા



સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા પીર સૈયદ દાદાબાપુ કાદરીના સમાજહિતના કાર્યને વધુ વેગવતું બનાવવા કમરકસી છે પીર સૈયદ દાદાબાપુએ વ્યસન મુકિત અભિયાનમાં એક લાખથી વધુ લોકોને વ્યસન મુકત બનાવ્યા હતા તે વ્યસન મુકત અભિયાનને શરૂ રાખવા મુનિરબાપુએ સંકલ્પ કર્યો છે આજે બાગે રહેમતમાં એક હિન્દુ અને બે મુસ્લિમ પીર સૈયદ મુનીર બાપુ પાસે પોતાનું વ્યસજ છોડાવવા આવ્યા હતાં. તે વ્યસની વ્યકિતઓને વ્યસન કેટલી હદે નુકશાન કરે તે અંગે જીણવટ ભરી સમજણ આપી હતી. અને બીજા પણ આવા ગંભીર વ્યસન રાખતા હોય તેને પણ વ્યસન છોડાવવાના પ્રયત્ન કરજો.

પીર દાદા બાપુ દુનિયાથી પરદો કરી ગયા બાદ પીર સૈયદ દાદાબાપુ તમામ નિશાનો શરૂ જ છે અને પીર સૈયદ દાદા બાપુના અધૂરા રહી ગયેલ કર્યો પીર સૈયદ મુનીર બાપુ પૂરા કરશે.

## અમરેલી : કલાઈમેટ સાયન્સ ગેઈમ વિતરણ એમવ શિક્ષક કાર્યશિબિર યોજતું જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર



અમરેલી, તા. ૨૦

ગુજકોસ્ટ.ડી. એસ.ટી. એવમ કલાઈમેટ ચેંજ વિભાગ, ગર્વમેન્ટ ઓફ ગુજરાતના સંયુકત ઉપક્રમે જિલ્લાની વિવિધ ૩૦ પ્રાથમિક શાળાઓના શિક્ષકઓની કાર્યશિબિર નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જી.એમ.સોલંકીની અધ્યક્ષતા એવમ મુખ્ય અતિથિ વિષેષ તરીકે પ્રિન્સિપાલ પ્રો. નિલેશભાઈ ચાંપાનેરી, ડાયટ અમરેલીની વિશેષ ઉપસ્થિતી સાથે વિષય નિષ્ણાંત સમીરભાઈ સરવૈયા, તથા આચાર્યઓ, શિક્ષકઓની પ્રેરક ઉપસ્થિતિમા ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, બાલભવન અને બાલ સંગ્રહાલય, અમરેલી ખાતે યોજાઈ હતો. પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ ધ્વારા સ્વાગત જિલ્લામાંથી પધારેલ શિક્ષકઓ ધ્વારા કરાયું હતું.

પ્રસંગોચિત ઉદબોધન નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડાયટ,અમરેલીના પ્રાચાર્ય પ્રોફે. ધ્વારા પ્રદાન કરાયું હતું. ગ્રામ્ય કક્ષાની શાળાઓના વિદ્યાર્થીઓમાં વાતાવરણ, આબોહવા અને પર્યાવરણના જતન અને સંવર્ધન પરત્વેના સંસ્કારોનું સિંચન કરવા વિવિધ રમતો, આરોગ્યની સાપ સીડી, ઘર કુંટુંબ સ્વાચ્છતા, અંગત સ્વચ્છતા, શાળા સ્વચ્છતા અને શિક્ષણની સાપસીડી, ગ્રામ સફાઈ, પર્યાવરણ સ્વચ્છતા, મેથોપાટ, વૈધવિક કંટુંબકમ, સંતુલન, કીબો ગુજરાતી, કારકિર્દી, કાલમેટો જેવી થીમ બેસ્ડ બોર્ડ ગેમની પ્રેકટીકલ સમજુતિ વિષય નિષ્ણાંત શ્રી સમીરભાઈ સરવૈયા ધ્વારા પ્રદાન કરવામાં આવી હતી.

નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના વરદ હસ્તે ઉપસ્થિત શિક્ષકઓને ગુજકોસ્ટ અને કલામેટ ચેંજ વિભાગ ધ્વારા ઉકત કીટ ભેટ સ્વરૂપે પ્રદાન કરાઈ હતી. સંસ્થાના મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા એવમ ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા ધ્વારા કાર્યક્રમની સંપૂર્ણ સફળતા માટે શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી.

## વડિયા : બ્રહ્મકુમારી બહેનો દ્વારા પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : જીતેશગીરી ગોસાઇ-વડીયા

વડિયા, ૨૦

રક્ષાબંધનના પાવન પર્વ પર વડીયા બ્રહ્મકુમારી ઈશ્વરીયા દ્વારા વડીયા પોલીસ સ્ટેશન ખાતે તમામ પોલીસ સ્ટાફ અને પીઆઈ ગળચર સહિતના લોકોને રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બ્રહ્મકુમારીના મંજુલાબેન ગજેરાએ જણાવ્યું હતું કે દર વર્ષની માફક આ વર્ષે પણ વડિયા પોલીસ સ્ટેશન ખાતે ભવ્ય રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બ્રહ્મકુમારીના મંજુલાબેન ગજેરા અને અન્ય બહેનો દ્વારા વડિયા પોલીસ સ્ટેશનના પી.આઈ કે એલ ગળચર સહિત સ્ટાફને રાખડફ બાંધી રક્ષાના આશીર્વાદ આપ્યા હતાં. આ તો કે સમગ્ર પોલીસ સ્ટાફે બ્રહ્મકુમારી બહેનોને ખૂબ આભાર માન્યો હતો.

## બગસરા : સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૨૦

બગસરા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વાર આજે શ્રાવણી પૂજન નિમિત્તે જનોઈ બદલવા તથા બ્રહ્મચોર્યાસી સહિતના સમૂહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

બગસરા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા શ્રાવણી પૂજન તેમજ રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે પ્રમુખ કિરીટભાઈ જોશી, મંત્રી નંદલાલભાઈ બામટા તેમજ સમસ્ત બ્રહ્મસમાજ કારોબારી સભ્યો દ્વારા બગસરાના બ્રહ્મ પરિવારો માટે સીયારામ ગૌશાળા ખાતે સમૂહ યજ્ઞોપવિત બદલવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બ્રહ્મ યુવાનો તથા વડીલો ઉપસ્થિત રહી પારંપરિક શાસ્ત્રોકત વિધિ મુજબ જનોઈ બદલાવી હતી. આ ઉપરાંત છેલશંકરભાઈ કેશવલાલ ત્રિવેદી તેમજ જમનાબેન સી. ત્રિવેદીના સહયોગથી બગસરાના તમામ બ્રહ્મ પરિવારો માટે બ્રહ્મચોર્યાસીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બગસરા શહેરના તમામ બ્રહ્મ પરિવારો ઉત્સાહપૂર્વક જોડાયા હતાં.

## અમરેલી : ગજેરા કેમ્પસના વિદ્યાર્થીની S.G.F.I. U-11 સ્કેટિંગ સ્પર્ધામાં રાજય લેવલે ઝળહળતી પસંદગી



અમરેલી, તા. ૨૦

હાલમાં શરૂ શાળાકીય ભારતીય રમોત્સવમાં અમરેલી ખાતે જિલ્લા કક્ષા સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત યુ-૧૧ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કૂલ, જ્ઞાન શકિત રે, સ્કૂલ ઓફ એકસેલન્સ અને જિલ્લા કક્ષા સ્પોટર્સ સ્કૂલ તેમજ અમરેલી જિલ્લાની અન્ય શાળાઓમાંથી ભાઈઓ તથા બહેનો એમ બંને એ પાર્ટીસિપેટ કરેલ જેમાં બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. આ સ્પર્ધામાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલના વિદ્યાર્થી રાઠોડ વિશ્વમ એ શાનદાર પ્રદર્શન કરી યુ-૧૧ સ્કેટિંગ સ્પર્ધામાં રાજય લેવલે પસંદગી પામેલ, નોંધનિય છે કે, શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં રમત ગમત માટે દરેક વિદ્યાર્થીને સ્પોર્ટસના મહત્વનું પ્લેટફોર્મ પૂરૂ પાડવામાં આવે છે. આ તકે ખેલાડીઓને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડોયરેકટસ વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા હતા.

### સ્થાનિક અધિકારીને રજુઆત કરવામાં આવી

## બાબરાનાં સમઢિયાળા ગામે નદીની વચ્ચે ગેરકાયદેસર રીતે વીજપોલ લગાવાયો

### ગ્રામ પંચાયતની મંજુરી લેવામાં આવી નથી

બાબરા, તા. ૨૦

બાબરા તાલુકાના સમઢિયાળા ગામે નદીમાં ગ્રામ પંચાયતની કોઈ પણ પ્રકારની મંજૂરી વગર આડેધડ સાઈડ માંરેખા નિયત્રંણનો ભંગ કરીને જોખમી વીજપોલ ઊભા કરેલ છે જે આવવા જવા માટે ચોમાસાની સિઝનમાં ખુબ જ નડતરરૂપ છે તેમજ પ્રાથમિક શાળાની સામે, આંગણવાડીની બાજુમાં અને રહેણાક વિસ્તારની એકદમ અડીને નદીમાં અતિશય નડતરરૂપ જોખમી વીજપોલ ઊભા કરેલ છે અને ત્યાં અગાઉ શોર્ટ સર્કિટ થયેલ છે અને થવાની પૂરેપૂરી સંભાવના રહેલી છે જે બાબતે મામલતદાર ને તા. ૧૭/૧૦/ આ વીજપોલ નાખવાની મંજૂરી કોને આપેલ છે તે અંગે પત્ર લખેલ અને આ નડતર રૂપ વીજપોલ દૂર કરવા અંગેની રજૂઆત તારીખ ૧૭/૧૦/૨૦૨૨ નાં રોજ કરેલ તેમ છતાંય આજ સુધી જવાબદાર તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારનો પ્રત્યુતર મળેલ નથી કે નડતર રૂપ વીજપોલનું નિરાકરણ આવેલ નથી તો રાજકોટ અગ્નિ કાંડ, વડોદરા હરિની કાંડ, મોરબી પુલ કાંડ જેવી કોઈ અઘટિત ઘટના પવન ચક્કી કે વીજપોલને કારણે બનશે તો ગ્રામ પંચાયત જવાબદાર રહેશે નહિ માર્ગ માંરેખા નિયંત્રણનો ભંગ કરીને અને નદીમ વીજપોલ ઊભા કરવાની મંજૂરી કોને આપી છે તે બાબતે લખેલ પત્રનો પણ જવાબ મળેલ નથી તો નદીમાં અંને રસ્તાની બાજુમાં નાખેલ નડતર રૂપ જોખમી વીજપોલ તાત્કાલિક દૂર કરવામાં આવે તો હાલાકી ભોગવતા ગ્રામજનોનો કાયમી ઉકેલ આવી શકે એવી રજૂઆત કરવામાં આવી છે


**શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ - વેચાણ સંઘ લી.**

'સહકાર ભવન', જૂના બસ સ્ટેન્ડ પાસે, સ્ટેશન રોડ, મું.તા. સાવરકુંડલા, જિ.અમરેલી

**:: જાહેરાત ::**

શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ - વેચાણ સંઘ લી ની માલીકીના મહુવા રોડ સ્થિત સ.નં.૬૫ વાળી જમીનના પ્લોટ પર ૧૦૦ મે.ટન કેપેસીટી વાળો અને ૧૬X૩ મીટર માપનો ડીજીટલ પ્રિફેબ્રીકેટેડ OIML C5 કેટેગીરીમાં મંજુર કરેલા કમ્પ્રેશન (રોકર કોલમ) પ્રકારના લોડ સેલ સાથેનો વે-બ્રીજ બનાવવાનો છે. જેમા પરિવહન, ઈન્સ્ટોલેશન અને વેઈટ એન્ડ મેજર્સ ઓથોરીટી દ્વારા સ્ટેમ્પીગ કરાવી આપવાનુ રહેશે.

તો રસ ધરાવતી કંપનીઓએ સીવીલ વર્ક સાથેના પોતાના કવોટેશન ઉપરના સરનામે તા. ૨૮/૦૮/૨૦૨૪ સુધીમાં મળી જાય તે રીતે રજી. પોસ્ટ એ.ડી. થી મોકલવાના રહેશે.

અનુભવ : કંપની પાસે ઓછામાં ઓછા છેલ્લા એક વર્ષમાં ૧૨ વે-બ્રીજ ઈન્સ્ટોલેશન કરેલા હોવા જોઈએ.

નોંધ : કવોટેશન આપતા પહેલા સ્થળ મુલાકાત ફરજીયાત કરવાની રહેશે.

નોંધ : આવેલા તમામ કવોટેશન મંજુર યા ના મંજુર કરવાના અધિકારો સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ- વેચાણ સંઘ લી. ને અબાધિત રહેશે.

લી.

બોર્ડ ઓફ ડાયરેકટર્સની સુચનાથી

રાજેશ એમ. માલાણી

મેનેજર

સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.





**ભાવાંજલિ સભા**

જગદ્ગુરૂ શ્રીમાદ વલ્લભાચાર્ય પ્રાગટય પીઠાધીશ્વર

ગોસ્વામી શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી ના વહુજી

**અ.સૌ. શ્રી વંદના વહુજી**

શ્રાવણ સુદ છઠ્ઠ, શનિવાર / ઓગસ્ટ ૧૦, ૨૦૨૪

ના રોજ નિત્ય લીલામાં પધાર્યા છે.

**આપશ્રીની ભાવાંજલિ સભા**

**ગુરૂવાર / ૨૨-૦૮-૨૦૨૪ / સાંજે ૦૫ થી ૦૭**

**સ્થળ : લેઉવા પટેલ વાડી, ગજેરાપરા, અમરેલી**

ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી | ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજશ્રી | ગો. શ્રી અનુગ્રહકુમારજી મહોદયશ્રી

શ્રી પુષ્ટિમાર્ગીય શ્રી દ્વારકાધીશજી હવેલી ટ્રસ્ટ, અમરેલી

શ્રી ગોવર્ધન નાથજી હવેલી ટ્રસ્ટ, અમરેલી

# સહૃદયે શ્રધ્ધાંજલિ



## સ્વ.જયેશભાઈ ભાભલુભાઈ ખાચર

સ્વ.તા.૧૭-૦૮-૨૦૨૪, ગામ : નિલવળા

**'મીઠપ વાળા માનવી જગ છોડી જાશે...
કાગા એની કાણ ઘેર ઘેર મંડાશે...'**

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાનાં નિલવળા ગામનાં કાઠી ક્ષત્રિય યુવાન જયેશભાઈ ખાચર પોતાની ક્ષમતાનાં જોરે માત્ર ૨૨ વર્ષની ઉંમરમાં કલાસ-ટુ ટ્રેઝરી ઓફીસર અમરેલી ડિસ્ટ્રીકટનાં ઉચ્ચપદ પર બિરાજમાન થયેલ આવા તરવરીયા યુવાનનું સાવ ઓચિંતા જ ન જાણ્યુ જાનકી નાથે સવારે શું થવાનું ની જેમ નિધન થતા અમો અત્યંત આઘાત અનુભવીએ છીએ. પરંતુ ઈશ્વર ઈચ્છા બળવાન. પરમ કૃપાળુ પરમાત્મા તેઓનાં કોમળ આત્માને પોતાનાં ચરણોમાં સ્થાન આપે અને તેમના પરિવારને આ દુઃખ સહન કરવાની શકિત અર્પે..

લી

વલકુભાઈ વિસામણભાઈ ખાચર
જગુભાઈ વિસામણભાઈ ખાચર
વલકુભાઈ પુંજાભાઈ ખાચર
ગભરૂભાઈ નાનાભાઈ ખાચર
બાવકુભાઈ દડુભાઈ ખાચર
(સુર્યમુખી સ્ટોન. નિલવળા)
જગુભાઈ નાનાભાઈ ખાચર
(સોનલકૃપા ટ્રેડિંગ કું.બાબરા)
ભાભલુભાઈ નાનાભાઈ ખાચર
ભાભલુભાઈ આપાભાઈ ધાધલ
રાજુભાઈ શાંતુભાઈ ખાચર
શીવકુભાઈ વલકુભાઈ ખાચર
(પી.આઈ. ગાંધીનગર)
ઉમેદભાઈ શાંતુભાઈ ખાચર

જોરૂભાઈ ગભરૂભાઈ ખાચર
રણજીતભાઈ વલકુભાઈ ખાચર
રણજીતભાઈ ગભરૂભાઈ ખાચર
દિલીપભાઈ જીલુભાઈ ખાચર
(પુર્વ પ્રમુખ તાલુકા પંચાયત-બાબરા)
આલકુભાઈ વલકુભાઈ ખાચર
સીધ્ધરાજભાઈ બાવકુભાઈ ખાચર
(ઉ.પ.પ્રમુખ : બાબરા તાલુકા યુવા ભાજપ)
રવિરાજભાઈ જગુભાઈ ખાચર
જયદિપભાઈ બાવકુભાઈ ખાચર
અનીરૂધ્ધભાઈ જગુભાઈ ખાચર
જયવિરભાઈ ભાભલુભાઈ ખાચર
(ફોરેસ્ટર)
યશવર્ધનભાઈ જયેશભાઈ ખાચર
પુર્વરાજભાઈ પ્રતાપભાઈ ખાચર

**ખાચર પરિવારના જય સુર્યનારાયણ**

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)